**આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક**

છૂટક નકલ ૬-૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. **૨૫-૦૦** આજીવન **૨૫૧**-૦૦
વિદેશમાં વાર્ષિક રૂા. ૩૦૦-૦૦ (વિમાનથી) આજીવન ૩૦૦૦-૦૦


- **સંસ્થાપક : પ. પૂ. યોગેશ્વરજી** સર્વમંગલ ચે. ટ્રસ્ટ (રજી. અમદાવાદ).
- **તંત્રી—સંપાદક** : શ્રી નારાયણ હ. જાની.
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન** : 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર—૧. ફોન : **૨૫૬૫૮૧૧, ૨૫૬૦૬૪૯**
- ADHYATMA Email Address : adhyatma_editor@yahoo.co.in
- You can know about Shree Mahatmaji & Shree Maa from Website "SWARGAROHAN.ORG"
- **અધ્યાત્મના સહાયક સ્વજનો** : ૧. ડો. બી. જે. જાગાણી, ૨. શ્રી ગોરધનભાઇ કલોલા(કલ્યાણ) અને ૩. શ્રી જ્યોત્સ્નાબેન બી. ત્રિવેદી.
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક** : નારાયણ હ. જાની.
- **મુદ્રણસ્થાન** : રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી-૧, બોરડીગેટ, ભાવનગર—૧. ફોન : ૩૨૯૦૫૦૭


**★ લેખકોને નિમંત્રણ ★**

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

**★ અધ્યાત્મ અંગે સૂચનો ★**

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઇ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી આપશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કોઇ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
- દર મહિનાની તા. ૧૦ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.


• You can know about Shree Mahatmaji & Shree Maa from Website "SWARGAROHAN.ORG"


# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ઉઘાડી આંખોનું સત્ય—મા સર્વેશ્વરી | નારાયણ હ. જાની | ૩ |
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૮ |
| સભાન શાશ્વતી | પ્રો. તરલા દેસાઇ | ૧૪ |
| Do we really understand Maa's Spirituality? | Paarth Raj | ૧૫ |
| શું આપણે આપણાં માનાં સાચા સ્વરૂપને ઓળખીએ છીએ? | પ્રતિમા અજય જાની | ૧૯ |
| Maa unfolded my inner self | Swati Bhakta | ૨૩ |
| પૂ. માએ મારો આત્મિક ઉઘાડ કર્યો | તંત્રી | ૨૮ |
| Learn to Appreciate the smallest Thing you get | Puja Bhakta | ૩૨ |
| જીવનમાં પ્રાપ્ત થતી નાની વસ્તુની પણ કદર કરતાં શીખો | પ્રતિમા જાની | ૩૫ |
| 'અમારા ઘરમાં અમે છીએ.' પૂ. મા | નીરૂબેન મિસ્ત્રી | ૩૮ |
| પરમાર્થ પર્વ—ભાગવતી પર્વ | રાજુ યાત્રી | ૪૦ |
| પ્રત્યુત્તર ધરતી પ્રતિમા | મા સર્વેશ્વરી | ૫૨ |
| પોયણું પાંગર્યુંબકમ | મા સર્વેશ્વરી | ૬૧ |

# ઉઘાડી આંખોનું સત્ય—મા સર્વેશ્વરી

**નારાયણ હ. જાની**

આજના વિજ્ઞાનયુગમાં કેટલાક માણસો એવી દલીલ કરતા જોવામાં આવે છે કે અમે પ્રત્યક્ષને માનીએ છીએ. જે વસ્તુ અમે જોઇ ના શકીએ એનો બુદ્ધિથી સ્વીકાર કરી શકતા નથી. ખાસ કરી આવા બધા ભાઇઓની દલીલ ઈશ્વરના અસ્તિત્વના સ્વીકાર અંગેની બાબતમાં હોય છે.

એ વાત સાચી છે કે આ વિશ્વમાં એવી કેટલીય અદશ્યમાન શક્તિઓ છે, જેનો ઈન્કાર કોઇ વિજ્ઞાન કે કોઇ પણ બુદ્ધિશાળી માણસ ના જ કરી શકે. દાખલા તરીકે ચૂંબકીય શક્તિ. તે દેખાતી નથી; પરંતુ મેગ્નેટના નજીકમાં સોય લાવો તો તે ઝડપથી તેને ખેંચી લેશે. પુષ્પની સુગંધ દેખાતી નથી પણ તે સુગંધ કોઇ પુષ્પની હોય, તો નાક તુરત જ તેનો અનુભવ કરી લે છે. તલમાં તેલ કે દૂધમાં ઘીનું અસ્તિત્વ નરી આંખે દેખાતું નથી. પરંતુ કેટલીક પ્રક્રિયા થતાં તે દેખાઇ આવે છે.

આધ્યાત્મિક ક્ષેત્રની વાત કરીએ તો કેટલીક વ્યક્તિઓ બહારથી સાવ અન્ય જનો જેવી જ લાગે, પરંતુ જ્યારે તેઓ કેટલીક ક્રિયાઓ કરે ત્યારે તેમની વિશેષતા જણાઇ આવે છે. તેઓનું લોકોત્તરપણું અપ્રગટ રહી શકતું નથી. પરમ પૂ. મા શ્રી સર્વેશ્વરી આવાં જ લોકોત્તર આધ્યાત્મિક વ્યક્તિ છે અને એમનું આ વિશેષપણું પરમ પૂજ્ય મહાત્મા શ્રી યોગેશ્વરજી જેવા સિદ્ધપુરુષો પોતાની સિદ્ધ કલમથી આલેખી ગયા છે. તેઓના પૂ. મા વિષેના શબ્દો આ રહ્યાઃ—



ગંગાજીનું જળ એ સામાન્ય જળ નથી. જગન્નાથજીનો પ્રસાદ એ સામાન્ય પ્રસાદ નથી. વૃંદાવનની રેતી એ સામાન્ય રેતી નથી. એ બધાં એમના જેવાં બીજાંઓ કરતાં વિશેષ પવિત્રતાને ખાસ માહાત્મ્ય ધરાવે છે. તે રીતે પૂ. મા સર્વેશ્વરી પણ એક સામાન્ય સ્ત્રી નથી. તેઓ એક વિશેષ દિવ્ય આધ્યાત્મિક શક્તિ સ્વરૂપા છે.

એથી તેઓ જ્યાં જ્યાં જશે, વસશે, વિહરશે ત્યાં ત્યાં તીર્થ બનશે. એ પરમ તીર્થરૂપ છે. એટલે એમને અંજલિ આપતાં મેં કહ્યું જ છેઃ—"તમારાં ચરણોમાં તીર્થો છે. સમસ્ત સંસારનાં તીર્થો છે. તમારા શરીરમાં સરિતાઓ, સ્રોતો, અંગપ્રત્યંગમાં, પરમાણુમાં, પ્રાણના સ્પંદનોમાં પરમધામ પ્રકટ્યાં છે. તમે તીર્થસ્વરૂપ છો. તીર્થો તમારા પરમ તીર્થરાજમાંથી પ્રકટ્યાં છે."

આજે એ ફરી કહું છું, **સૌ કોઇ એમને ઓળખી, સમજી સન્માની નહિ શકે. જેનો પૂર્વનો પુણ્યોદય હશે એ જ અલ્પપણે ઓળખશે, સમજશે, સન્માનશે એ લાભાન્વિત થશે. ધન્ય બનશે. —યોગેશ્વર.**

પ. પૂ. માની એક સાચી આધ્યાત્મિક પીછાણ પૂ. ગુરુદેવ શ્રી યોગેશ્વરજીએ આપી છે. જેઓ શ્રદ્ધાળુઓ છે, તેઓ તો તે માનશે ને સ્વીકારશે. પરંતુ બધાંઓમાં એવી શ્રદ્ધા થોડી હોય? તેઓ તો પૂ. માના બાહ્ય કલેવરને જ જોશે. એવાં લોકો પણ પૂ. માની લોકોત્તર વિશેષતા ઉઘાડી આંખે જોઇ શકે, તેવી ઘટનાઓ પૂ. માના જીવનમાં ઘણીવાર થતી રહે છે. તે સહુ કોઇ જોઇ શકે છે. જે ખુલ્લામાં બધાંની હાજરીમાં જ બનતી જોઇ શકાય છે. આવી એક ઘટનાની વાત અમે અહીં રજૂ કરીએ છીએ.

તા. ૧૭ મી માર્ચ ૨૦૦૭ ની આ વાત છે. તે દિવસે પૂ. મા જયપુરમાં છે. ભાઇ પંકજ પરમાર્થી માટે મૂર્તિ લેવા પૂ. મા ત્યાં પધારેલ છે. તા. ૧૮ મી માર્ચના રોજ પ. પૂ. ગુરુદેવ યોગેશ્વરજીનો નિર્વાણદિન છે. એટલે પૂ. મા તા. ૧૭ મીના રોજ સવારે ૬–૩૦ કલાકે જયપુરથી મોટરમાર્ગે પ્રયાણ કરે છે. રસ્તામાં ક્યાંય પણ રોકાતાં નથી. એકધારા ૧૨ કલાકના પ્રવાસ પછી પૂ. મા સાંજે ૬–૩૦ કલાકે આવી પહોંચે છે. પૂ. માએ એક આસને જ બેસી–૫૭૦ માળાઓ પૂરી કરી છે. પૂ. માને તે દિવસે નિર્જળા છે. રસ્તાની કઠણાઈઓ ને વાતાવરણમાં ગરમી તો ખરી જ.

અંબાજીમાં ભક્તો પૂ. માની કાગડોળે રાહ જોતા હતા. એટલે પૂ. માને પધારેલ જોતાં જ હર્ષઘેલા બની પૂ. માના આવાસ પર ધસી ગયા, પરંતુ માંડ સો વ્યક્તિઓ સમાઇ શકે તેમાં અઢીસો ઉપરાંત સાધકો થોડાં સમાય! પૂ. મા આ પરિસ્થિતિ પામી ગયા અને સાધકોની બેઠક ખુલ્લા મેદાનમાં યોજી.

તે પછી પૂ. માએ શ્રી યોગેશ્વર કથામૃતની બે દિવસની ડાયરી વંચાવી. તા. ૨ અને ૩ જાન્યુ. ૧૯૮૪ ની. તેનું સ્થળ હતું અલકાપુરી, વડોદરા.

અમને સાધકોની અધિરાઇ વધારે પડતી લાગી. બાર કલાકની એકધારી મુસાફરી પછી પૂ. માને સ્વસ્થ થવા માટે પંદર મિનિટનો સમય પણ ના આપ્યો. સંભવ છે પૂ. માનો થાક બધા ભક્તોને જોઇને ઉતરી ગયો હોય! નહિ તો તેઓ આટલાં જલ્દી શું કામ આવે!

તા. ૧૮ ના કાર્યક્રમ વિષે પૂ. માએ પૂછ્યું. તેમને એ



જાણી આનંદ થયો કે સાધકોએ તેમના નિયમો–સાધના દિન માટેના અગાઉથી લખાવી દીધા છે અને તેને બોર્ડ ઉપર લખી, જાહેરમાં મૂકવામાં આવ્યા છે. બેઠક પછી પૂ. મા આ ચાર્ટ જુએ છે, તેમાં પૂ. માનું નામ પ્રથમ લખ્યું છે, પરંતુ નિયમો શું લેશે તે ખાનાં ખાલી છે. પૂ. મા ઘડીભર ઊભાં રહી તેમાં શું લખવું તે વિચારે છે પછી ઝડપથી ૧૧૧૧ પ્રણામો લખી નાંખે છે!

લખાઇ તો ગયું–પણ તે કેમ પૂરા કરવા તે વિષે તુરત જ નિર્ણય કરી લે છે–રાતના લગભગ ૧૦॥ વાગ્યા છે. પૂ. માને થાય છે ચાલો કુટિયા આગળ જઇને પ્રણામના શ્રી ગણેશ કરીએ. અને પૂ. મા લગભગ ૫૫૦ પ્રણામ કરી દે છે. વળી થોડું DVDનું કામ પતાવી પાછા પૂ. મા પ્રણામ કરવા લાગે છે અને રાતના ૨ સુધીમાં બીજા ૬૧૧ પ્રણામ કરી દે છે! આશ્ચર્ય જ લાગે ને? વિચારો તો ખરા આખા દિવસનો નિર્જળા છે. અરે, બીજે દિવસે પણ નિર્જળા જ કરવાનો છે. સવારે ૬॥ થી એકધારી મુસાફરી પછી પૂ. મા રાત્રે બે વાગે ૧૧૧૧ પ્રણામો પૂરા કરી દે છે. આ બધું કુટિયા સામેની ખુલ્લી જગામાં થઇ રહ્યું છે. કેટલાક સાધકો અને બાળકો પણ પૂ. માના આ પ્રણામ–અર્ઘ્યમાં પોતાનો સાથ પૂરાવે છે.

વાતાવરણમાં ગરમી છે. પૂ. માએ આગલી રાતથી પાણી પણ પીધું નથી અને રાતે બે વાગ્યા સુધીમાં તો ૧૧૧૧ પ્રણામ પૂરા કરી દે છે! આ ઉઘાડી આંખોનું સત્ય છે. પૂ. માના દૈવી ઐશ્વર્યને ના માનનારાઓ માટે પૂ. મા દર્શાવી રહ્યાં છે, હે માનવ, તારી આંખ સામે જ આ બધું ઘટી રહ્યું છે–છતાં હજી તને એમ થાય છે કે પૂ. મા એક સામાન્ય માનવ છે? આ બધી વિશેષતાઓમાં પૂ. માનું લોકોત્તરપણું તને ક્યાંય નથી દેખાતું!

તો પૂ. મા પોતાનું ઔશ્વર્ય દર્શાવવા બીજું શું કરે? છેલ્લા ૨૩ વર્ષોના એકધારા ઉપવાસો, વર્ષમાં ૧૨૫ દિવસ પાણી વગરના ઉપવાસ, મીઠાનો સંપૂર્ણ ત્યાગ, તો ખાંડને પણ છેલ્લા ૧૨ વર્ષથી સલામ—અરે, વાણીને પણ શ્રી પ્રભુનાં ચરણોમાં દસ વર્ષથી વિરામ. છતાં ક્યાંય થાક, કંટાળો કે પ્રમાદ નહિ. એકધારા પ્રવાસોમાં પોતાના નિયમો ને ચૂસ્ત પાલન અને છતાંય સાધનાનો કે લોકોત્તર હોવાનો કોઇ ભાવ કે અહં નહિ. મુખપરની પ્રેસન્નતા એવી જ. એકધારું વિચરણ પ્રભુઇચ્છા પ્રમાણે થતું જ રહે છે.

આ બધું ઉઘાડી આંખોનું સત્ય નહિ તો બીજું છે શું? સાચું છે કે ભગવાન કૃષ્ણનું ઐશ્વર્ય અનેકવાર જોવા છતાં દુર્યોધન વગેરે તેમને ઓળખી શક્યા ન હતા. ને તેથી તેમના શરણના લાભથી વંચિત રહી ગયા. એથી તો પૂ. મા જેવા કેટલાય સંતપુરુષો પોતાના દિવ્ય ઐશ્વર્યનો પરિચય ભક્તોને કરાવતા હોય છે, કિન્તુ કહ્યું છે કે, ''ભાગ્ય વિના નર પાવત નહિ.'' આમ જોઇએ તો પૂ. માની દેહદષ્ટિ બીજા માનવો જેવી જ દેખાય, પરંતુ તેમાં દેહના લૌકિક ગુણધર્મો નથી. માનવ દેહ છે, પણ દશા દેહાતીત છે. જે ઉઘાડી આંખે જોઇ શકાય છે. છતાં બધાંને આ ના સમજાય. તેથી જ પ. પૂ. ગુરુદેવ શ્રીએ પૂ. મા વિષે જે લખ્યું છે, ''અલ્પ લોકો જ એમને સાચા અર્થમાં ઓળખી શકશે. કિન્તુ જે ઓળખશે, તે લાભાન્વિત થશે ધન્ય થશે.''

આનાથી વધુ મોટું વિશેષ પ્રમાણપત્ર બીજું કોઇ શું આપી શકે?



**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**

**—મા સર્વેશ્વરી**

વર્ષ : ૨૮ મે—૨૦૦૭ અંક ૮

# શ્રી યોગેશ્વર કથામૃત

**—મા સર્વેશ્વરી**

**તા. ૨૫—૧૨—૮૧ શુક્રવાર, માગસર વદ ચૌદસ, વિ. સં. ૨૦૩૮, સ્થળ : સાન્ટાએના, કેલીફોર્નિયા, અમેરિકા.**

નિયમિત સ્નાન તો વ્યાયામ પણ નિયમિત. લેખન પણ નિયમિત તો રાત્રે ૧૨:૦૦ થી ૨:૦૦ જપ પણ નિયમિત. પૂ. શ્રી પાસે શીખવા મળતો સર્વશ્રેષ્ઠ પાઠ નિયમિતતાનો છે.

સવારે ૧૧:૦૦ વાગ્યે દરરોજની જેમ સર્વેશ્વરી પોતાની માળા, પાઠ, લેખનમાંથી નિવૃત્ત થઇ ભોજન બનાવવા માટે સામેના વિભાગમાં જાય છે. કઢી, ભાત, શાકનું ભોજન તૈયાર થાય છે. ત્યાં પૂ. શ્રી દરરોજની જેમ ૧૧:૪૫ વાગ્યે આવી જાય છે. આજે મુલાકાતમાં બે—ત્રણ પ્રશ્નોની ચર્ચા થઇ. વળી સત્યનારાયણની કથા ને ભાગવતની સપ્તાહમાં લેવાતા નાણાની વાતો થઇ. વેદાંત સંમેલનની વાતો પણ થઇ. આજે શ્રીકંચન-બેને નીચેના પ્રશ્નો પૂછ્યા :

પ્રશ્ન : ઘીનો દીવો શા માટે કરવામાં આવે છે?

પ્રશ્ન : તુલસીને કેમ પવિત્ર માનવામાં આવે છે?

પ્રશ્ન : સત્યનારાયણની કથા પાછળ શું મહત્ત્વ છે?

પ્રશ્ન : ભાગવતની પોથીને માથા ઉપર કેમ મૂકવામાં આવે છે?

સૌ પ્રશ્નોના ઉત્તરો પૂ. શ્રીએ વિસ્તૃત રીતે સમજાવ્યા. પણ સારાંશ નીચે મુજબ હતો.

ઘીનો દીવો મેં તો કર્યો નથી. જે કરે તે શા માટે કરે તે તો તે જાણે. ઘી આરોગ્યવાળું શુદ્ધ હોય છે. પણ દીવા ત્યાગના, શ્રદ્ધાના, ભક્તિના દિલમાં કરવાની પ્રેરણા એમાંથી લેવાની છે.

તુલસી મેલેરીયા નાશક છે, માટે.

સત્યનારાયણની કથા પાછળ મહત્ત્વ એ વાતનું છે કે જીવનમાં સત્ય અને નારાયણ એટલે કે પ્રભુનું સ્થાપન કરો. સત્ય જ બોલો ને પ્રભુની ભક્તિ કરો.

ભાગવત ગ્રંથ શાંતિ આપનારો જ્ઞાન આપનારો પવિત્ર ગ્રંથ છે. જેથી તેને ખભા પર, બગલમાં, ખોળામાં, પગમાં ન મૂકતા માથા ઉપર માન આપવા માટે મૂકવામાં આવે છે. પણ આજ-કાલ તો એ ભાગવત પોથીના વરઘોડા પાછળ કે સત્યનારા-યણની કથા પાછળ પૈસા પડાવવાનો જ હેતુ સમાયેલો છે. ગમે તે રીતે પૈસા પડાવવા એ જ રીત કથાકારોની હોય છે. એ સારી નથી. સાધ્ય ને સાધન બંને શુદ્ધ જ હોવાં જોઈએ.

મુલાકાત પૂરી થતાં ભોજન લઈ લીધું. ભોજન બાદ, ભક્ત સમાજ માટે યોગેશ્વરજી કોઈ સંદેશો લખી આપો, એવી માગણી શ્રી છગનભાઈએ કરી હતી. જેથી તે સંદેશો ઈશ્વર-ભાઈ પાસે પૂ. શ્રીએ લખાવ્યો. વળી શ્રી ભગવાનજીભાઈ ને



કંચનબેને પૂ. શ્રીને એક મોટી રકમનો ચેક અર્પણ કર્યો. પૂ. શ્રીએ ઘણી ના પાડી પછી તે રકમ કોઈ આશ્રમ જેવું સ્થળ થાય કે પુસ્તકો છપાય તેમાં વાપરવી એવા નિર્ણય સાથે તે સ્વીકારવી પડી. યજમાન પતિપત્નીનો સેવાભાવ અદ્ભુત ને વંદનીય હતો.

સાંજે ધ્યાનની બેઠકમાં એક ભાઈ સેક્રામેન્ટોથી મળવા આવે છે. તેમની સાથે એક ભાઈ મળી ન શક્યા તેની વાતો થાય છે. પૂ. શ્રી કહે, 'તેઓ ઘણાં નજીક હતાં પણ અમને ખબર ન હતી. આત્મા ઘણો નજીક પણ તેને શોધવા ક્યાં ક્યાં દૂર જાય છે. ઠાકોરભાઈ લીટલરોકથી નજીક જ હતા, પણ ન મળ્યા. તેમ ઠાકોર—માસ્ટર પાસે છે છતાં જલ્દી મળતો નથી. સંજોગોની વાત છે. એટલે માનવું પડે કે જીવોનો મેળાપ જ્યારે થવાનો હોય ત્યારે જ થાય છે.'

આજનો દિવસ પ્રવચન બંધ હતું. પૂ. શ્રીને આરામ મળે એ હેતુથી પ્રવચન બંધ રાખી આરામની વાત વિચારી હતી. દરરોજ ૧૦:૩૦ પછી પ્રવચન સ્થળેથી રાત્રે આવવાનું બને. પરિણામે સહજ રીતે જ ઉજાગરા ને આરામ વિના દિવસો વીત્યા. આજે શ્રી હીરાભાઈએ પૂ. શ્રીને જે મુવી ફિલ્મ ઉતારી હતી તે પ્રોજેક્ટર દ્વારા બતાવવાની યોજના હતી. એટલે ધ્યાન પછી સામેના સ્થાનમાં જવાનું બન્યું. ત્યાં પૂ. શ્રીની મુવી ફિલ્મ અહીં શ્રી હીરાભાઈ લઈ આવ્યા હતા. તેમાં નારેશ્વર નિવાસી શ્રીરંગ અવધૂતજીના આ રીતે દર્શન કરવાનું સદ્ભાગ્ય સર્વેશ્વરીને પ્રથમ વાર જ મળ્યું, તેથી વિશેષ આનંદ થયો. પૂ. શ્રી રંગ અવધૂતજી સાક્ષાત્ વિરાજતા હતા ત્યારે દર્શન કરવાનું સદ્ભાગ્ય મળ્યું ન હતું. એથી આજે એ દર્શન અને તે પણ વિદેશની ધરતી પર થયું તેથી ખૂબ આનંદ થયો.

મુવી ફિલ્મ જોતાં બે કલાક થઇ ગયા. પછી સત્સંગ શરૂ થયો. એમાં આજના બધા જ પ્રશ્નો સેક્રામેન્ટોથી આવનાર ભાઇ પૂછે છે.

પ્રશ્ન : આત્માને ઓળખવા શું કરવું જોઇએ?

પૂ. શ્રી : સહેલો રસ્તો છે. શાસ્ત્રોએ બતાવ્યો છે. આત્મા અતિ સૂક્ષ્મ કહેવાય છે. **'બાલે એક શતભાગસ્ય'** વાળના અગ્રભાગના ૧૦૦ ભાગ કરે તેટલો સૂક્ષ્મ. પણ તેવા આત્માનો અનુભવ ધ્યાનાવસ્થામાં સમાધિ દશામાં મન સૂક્ષ્મ બનીને કરી શકે. તો એ અનુભવ માટે ધ્યાન કરો. વરસોના અભ્યાસ પછી તે અનુભવ થાય. મેં એક સહેલી રીત શોધી કાઢી છે આત્માનુભવની! દા. ત. આ હીરાભાઇ છે.

કેમ છો હીરાભાઇ?

શ્રી હીરાભાઇ હાથ જોડીને કહે : મઝામાં છું.

તો આ હોઠ પર કોના શબ્દો સાંભળ્યા? કોણ હસ્યું? આત્મા હસ્યો. શરીર જડ છે. આત્માની સત્તા એની ઉપર છે. તેથી તે હાલે છે. બલ્બ જડ પણ એની પાછળ શક્તિ વીજળીને તેથી તે ઉષ્મા, પ્રકાશ આપે છે. કોઇ પ્રેમાળ વ્યક્તિએ સ્મિત કર્યું તો તે સ્મિત આત્માએ કર્યું. હોઠ ઉપર સ્મિત લાવનાર આત્મદેવને નમસ્કાર.

વાણી જડ પણ ચેતનાના કરન્ટને લીધે તેની અભિવ્યક્તિ થાય. ત્યારે તમે વિચારો કે, હે આત્મદેવ! તમે જ બોલો છો. આંખમાં ચમક છે તે, હે આત્મદેવ! તમારી જ છે. આ આત્મદર્શનની ટેવ પાડો. પણ એ રીતે આત્મદર્શન ઉત્તમ રીતે ક્યારે થશે? જ્યારે તમારું મન વધુ ને વધુ નિર્મળ થશે. આ રીત છે. આત્મદર્શન એક જ મિનિટમાં. અને પેલી રીતે જો જોવું હોય તો;



સુન્ન મહલમેં દિયના બારી લે, આસન સે મત ડોલ.
જાગ જુગતિ સે રંગમહલમેં, પિયા પાયો અનમોલ.

ધ્યાનમાં આસન લગાવો. મનને કષાય રહિત કરો. તે માટે ધ્યાનની રીત શીખી લો. તમે ધ્યાન કરો છો?

તે ભાઇ : હા. જપ સાથે કરું છું. પણ મન કોઇ વાર સ્થિર થાય કોઇ વાર ન પણ થાય.

પૂ. શ્રી : શ્વાસની ગતિ સાથે જપને જોડો. અથવા જીભ ઉલટાવીને જપ શરૂ કરો. જુઓ, પછી મનજીરામ માની જાય કે નહીં. તે ભાઇ એ પ્રયોગ કરી જુએ છે.

પ્રશ્ન : ધ્યાનમાં મન તો હજારો માઇલ દૂર ચાલ્યું જાય છે.

પૂ. શ્રી : ધ્યાન જ્યારથી શરૂ થયું ને ત્યારથી આ પ્રશ્ન પણ ચાલુ જ છે. તો એના નુસ્ખા પણ શોધાયા છે. અનંત જન્મોથી મનને ફરવાની ટેવ પડી છે તે કંઇ બંધ થાય? વાંદરાને સાંકળ સાથે બાંધો તો પણ તે સાંકળને તોડવા પ્રયત્ન કરે. કોઇને પણ બંધન ન ગમે. વાંદરાની પેઠે ભટકતું મન કૂદાકૂદ કરી છટક-બારી શોધ્યા કરે. પણ મનને પ્રિય લાગે ત્યાં મોકલો તો? સીનેમામાં ત્રણ કલાક મન થાકતું જ નથી. ટી. વી. જોવામાં થાકતું નથી. જે વિષયમાં રસ પડે તેમાં તેને આનંદ આવે. ચોરને જાગરણ કરવું પડે પણ તેને જાગરણ નડે નહીં!

મનને ધ્યાનમાં, જપમાં, પ્રાર્થનામાં, પરમાત્મામાં રસ પેદા થશે તો મનને સ્થિર થતાં વાર ન લાગે. જ્યાંસુધી મન સ્થિર નથી ત્યાં સુધી સત્સંગ, સારુ વાચન, સદ્‌વિચારો કરો. ધ્યાનમાં બેસતાં પહેલાં સમજી જ લો કે મન લાગે જ નહીં. અને તે લાંબે ગાળે મન લાગશે જ એ વાત પણ યાદ રાખો. એટલે ધ્યાનમાં બેસો. નિયમિત બેસવાનો અભ્યાસ કરો. એમ કરતાં કરતાં મનને આનંદ આવવા માંડશે.

પ્રશ્ન : અમારે તો આત્માની જ આઝાદી જોઈએ છે.

પૂ. શ્રી : આત્મા તો આઝાદ જ છે. પણ એનો સેક્રેટરી મન તે જ બધા હિસાબ રાખે છે. મનને સમજાવી દો, એને મિત્ર બનાવી એની પાસે કામ કઢાવી લો.

પ્રશ્ન : સંસારમાં રહીને એ સાધના થતી નથી?

પૂ. શ્રી : સંસારમાં રહીને જ થઇ શકે. જો તમારાથી જઇ શકાય એમ છે? પરણેલા છો?

હા.

સંતાન છે?

હા.

તો પછી તેમની સેવા કરો. તમારું જે મોટલનું કામ છે તે વિક્ષેપવાળું નથી. રોજનું ટાઇમટેબલ બનાવી દો. ધ્યાન બે કલાક—તેને વફાદાર રહો. ધાર્મિક વાચન અમુક કલાક કરો જ. સાથે જીવનનું પણ ધ્યાન રાખો. રાગ, દ્વેષ, કામ, ક્રોધ ઓછા થાય તેવા પ્રયત્ન કરો. અને દાન થોડામાંથી થોડું પણ કરજો. નિયમ રાખો. મહિને અમુક પૈસા અલગ રાખો. વળી જાગતા રહેજો. નહીં તો તમારી પથારી પણ કોઇ ઉપાડી જાય એવું અહીં તો વાતાવરણ છે. ઘણાં ભારતથી આવે છે ને ખાવા-પીવામાં વ્યસનમાં પડી જાય છે. એટલે કંપની રાખવામાં જાગ્રત રહેજો. માતાપિતા હોય તો તેની સેવા કરો. સંતાનોને સારું શિક્ષણ આપો.

આજે શ્રી છગનભાઇ ભક્ત દરરોજની જેમ આવ્યા હતા. તેમની માંગણી મુજબ પૂ. શ્રીએ એમને સંદેશો લખી આપ્યો. સત્સંગ બાદ હળવો નાસ્તો લઇ આરામ. હરિઃ ૐ

★ ★ ★



**ભક્ત સમાજને પૂ. શ્રીએ લખી આપેલા આશીર્વચન.**

**આશીર્વચન**

ભારતની અને ખાસ કરીને ગુજરાતની પ્રજા પરદેશમાં જાય છે ત્યારે તેનો મુખ્ય હેતુ આર્થિક રીતે પગભર ને સદ્ધર થવાનો હોય છે. એ હેતુની પૂર્તિમાં તેને તેની વ્યાવહારિક કુનેહને લીધે મોટે ભાગે સફળતા મળે છે. પરંતુ જીવનમાં આર્થિક સદ્ધરતા એ જ મુખ્ય કર્તવ્ય નથી હોતું. પ્રજા જ્યાં જાય ત્યાં રહીને પોતાના જન્મના સંસ્કારોને સાચવી રાખે અને વિકસાવે એ પણ મહત્ત્વનું હોય છે. એ માટે એના સંગઠનની આવશ્યકતા પણ હોય છે. એ સંગઠનદ્વારા ધર્મ, સંસ્કૃતિ, ભાષા અને શિક્ષણના સંસ્કારો સાચવવામાં આવે છે; તથા સામાજિક પરંપરાઓનું પાલન પણ કરાય છે. એ દૃષ્ટિએ વિચારતાં યુ. એસ. એ.ના ભક્ત સમાજનું સંગઠન આવકારદાયક છે. એના અધ્યક્ષ અથવા પ્રમુખ સંચાલક શ્રી છગનભાઇ એક સંનિષ્ઠ, સેવાપરાયણ કાર્યકર્તા હોઈને, અન્ય કાર્યકર્તાઓની મદદથી એ સારી રીતે ચલાવી રહ્યા છે. ભક્ત સમાજ દ્વારા જુદી જુદી સત્સંગ પ્રવત્તિઓ ચાલે છે, તહેવારો ઉજવાય છે, તથા ગુજરાતી અને હિન્દીના વર્ગો પણ ચાલે છે એ આનંદની વાત છે. એવી લોકોત્તર પ્રવૃત્તિઓ વધારે ને વધારે પ્રમાણમાં વિકસે અને પરસ્પર મદદરૂપ બને એવું હું ઇચ્છું છું. અનુકૂળ સમય આવતાં સમાજના મુખ્ય પ્રેરક અધિષ્ઠાતા આરાધ્ય દેવ કબીર સાહેબનું સુંદર સ્મારક પણ બને અને ત્યાંથી જુદી જુદી પ્રવૃત્તિઓ થાય એ ઇચ્છવા જેવું છે. ભાઇ શ્રી છગનભાઇને તથા અન્ય કાર્યકર્તાઓને એમના સેવાકાર્યમાં હાર્દિક સફળતા ઇચ્છું છું. **—યોગેશ્વરના આશિષ**

તા. ૨૫–૧૨–'૮૧

(ક્રમશઃ)

# Do we really understand Maa's Spirituality?

Paarth Raj

Growing up in the comforts of America gives us the wrong idea of the world. Even images of people starving on TV are not enough to convince us that something needs to be done. The only time we ever think about these people is while their photo is in some charity advertisement on the TV screen; after that: it is out of sight, out of mind.

My trip to Swargarohan this last Christmas changed all of that. It is no longer a TV ad but a first hand glimpse at reality. We saw what kind of lifestyle they manage to live and under Maa's will, we did what we could to make a change in their life.

Such an environment under the guidance of Maa makes for so many experiences worth mentioning. For example, even today, I find it hard to believe how we managed to help so many peopie in a matter of one week. We are so fortunate that we have Maa to give us the strength needed to carry out these tasks day after day, yet we still don't truly recognize Her.



I noticed this when I helped Rajeshkaka, a handicapped amputee, who was at Swargarohan for prosthetic services. He began to cry as Maa did pranam to him. In this moment I felt, look at how long we've known Maa... and look at how long Rajeshkaka took to really understand Her. It is such a humbling experience to see a complete stranger walk into Swargarohan and be so moved by Maa in a matter of a few days while we have tried for years to understand Her through thoughts and prayers.

While in Swargarohan, many of the American kids were thankful towards Maa for such an experience. I think there's more to be thankful for than just the experience. I think back to a day in the Canada Shibir when Maa spent almost 2 hours emphasizing that saints like Maa have one hand in the hand of God and the other hand to help people like us be closer to God. Isn't such a wonderful thing that Maa is taking time from her own sadhna to help us take our own small spiritual steps? I saw in this trip how Maa is literally handing out invitations and calling on us and encouraging us to open our eyes to Her world. But for many of us who live our lives with our eyes closed, Maa brings us experiences

through people like Rajeshkaka who help us as we help him. This is one aspect that definitely stands out in my experience at Swargarohan, because through all the service, never did I once feel pride in helping someone else. Rather, I learned from them. I saw how they see Maa. I saw how they were moved by Maa. I saw how much more my relationship could be with Maa. I saw Maa's bigger picture: Her life as an Invitation to God.

I think the lesson to be learned with this experience lies in the way Maa teaches those who care to be observant. I think about how on day when–in the chaos of distributing backpacks amongst the school children–Maa stopped me to say, "See, the satisfaction of serving with your own two hands is just something else." And it is true; a cheque in the mail is incomparable to the smile of gratitude on the faces of little school kids. She sees God in everyone. She shows us to be humble. It is not about money. It is about the care given to those in need. It is about a bigger, more united picture more often than not, we tend to think of such a charitable project as our own doing and selfishly take the credit. But this is God's project, God's money and God's will... instead of being proud of our



accomplishments, we should be mindful of how fortunate we all are... because it is only upon very rare occasions that God is amongst us, giving us directions plain and simple: written out on a slate.

For the first time in my life, I heard Maa say that she will miss someone. Her "Team of kids from America." I miss the smiles of the school children. I miss the smile of my Maa. And I miss the atmosphere of Swargarohan. I can't wait to be back on "Maa's Team." Now that I've recognized it, I'm just waiting for Her Invitation.

જ્ઞાન અને શ્રદ્ધા ના હોય તો સંશય મટી શકે નહિ—કારણ જે ન તો પોતે જાણે છે અને ન બીજાની વાત માને છે—તેનું પતન થાય છે. — યોગેશ્વરજી

શ્રી યોગેશ્વર કૃપા

**સંદીપ વેલ્ડીંગ વર્ક્સ**

**ગ્રીલ, દરવાજા, તેમ જ મેઈન ગેટના સ્પેશ્યાલીસ્ટ**

તેમ જ

**દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.**

મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, **સુરત**-૩૯૫૦૦૭

ફોન : (૦૨૬૧) ૨૨૫૪૯૮૨, ૨૨૫૮૮૦૪

# શું આપણે આપણાં માનાં સાચા સ્વરૂપને ઓળખીએ છીએ?

અંગ્રેજી સંપાદન : **પાર્થ રાજ**
ગુજ.અનુવાદ : **પ્રતિમા અજય જાની**

અમેરિકાની સુખ–સાહ્યબીમાં ઉછરવાથી દુનિયા વિશેની ખોટી છાપ પ્રાપ્ત થાય છે. ટી. વી.માં જોવાતા, ભૂખે મરતાં માણસોના દશ્યો પણ આપણને એટલી બધી અસર કરતાં નથી કે જેથી આપણને આ ગરીબો માટે કંઇ કરવું જોઇએ તેવું થાય. કોઇક વાર આપણે ટી. વી.ના પરદે ધર્માદા માટેની જાહેરાત માટે ભૂખે મરતા માણસનો ફોટો જોઇએ ત્યારે કોઇક વાર આપણને એમનો વિચાર આવે છે પરંતુ તે પછી નજર આગળથી દૂર થતાં મનમાંથી ભૂલાઇ જાય છે.

(૨૦૦૬)ની છેલ્લી નાતાલમાં મારી સ્વર્ગારોહણની મુલાકાતે આ બધું જ બદલી નાંખ્યું. આ કોઇ ટી. વી.ની જાહેરખબર ન હતી પરંતુ આ એક પ્રત્યક્ષ વાસ્તવિકતાનું દર્શન હતું. અમે જોયું કે આ લોકો કઇ રીતે જીવી રહ્યા છે. તેમના જીવનમાં પરિવર્તન લાવવા માટે પૂ. માની પ્રેરણા મુજબ અમે જે કરી શકતાં હતાં તે બધું કર્યું.

આવા વાતાવરણમાં પૂ. માના માર્ગદર્શન નીચે અમને ઘણા બધા ઉલ્લેખનીય અનુભવો પ્રાપ્ત થયા. દા. ત. એક જ અઠવાડિયામાં આટલા બધા માણસોને સહાય કેવી રીતે પહોંચાડી શક્યા તે આજે પણ મારા માન્યામાં આવતું નથી. આપણે ખૂબ જ ભાગ્યશાળી છીએ કે રોજબરોજ આવા કાર્યો



માટે જરૂરી શક્તિ પૂરી પાડનાર પૂ. મા આપણી વચ્ચે છે આમ છતાં આવાં માને આપણે પૂરેપૂરાં સાચી રીતે ઓળખી શકતા નથી. આની પ્રતીતિ મને તે વખતે થઇ જ્યારે મેં શ્રી રાજેશ-કાકા—કે જેમનો પગ કપાઇ જવાથી અપંગ હતા છતાં જયપુર ફૂટની ટીમમાં સેવા માટે આવેલા, પૂ. માએ બધાંને નીચા નમી પ્રણામ કર્યાં. તે જોઇ તે રડવા લાગ્યા. તે ક્ષણે જ મને થયું કે આ તફાવત તો જુઓ! પૂ. માને આપણે કેટલા બધા વખતથી ઓળખીએ છીએ અને આ રાજેશકાકાને પૂ. માને ઓળખતા કેટલો ઓછો સમય લાગ્યો! આ નમ્રતાનો અનુભવ કરાવે તેવી ઘટના છે કે જેમાં એક અજાણ્યો માણસ સ્વર્ગારોહણમાં થોડા જ દિવસ માટે આવીને પૂ. માના નમ્રતા-ભર્યા વર્ણનથી આવો અભિભૂત થઇ જાય જ્યારે આપણે પૂ. માને સાચા સ્વરૂપમાં પીછાણવા માટે કેટલા બધા વર્ષોથી એમના વિચારો અને પ્રાર્થનાઓને સમજવા પ્રયત્ન કરી રહ્યા છીએ!

અમેરિકાથી સ્વર્ગારોહણ આવેલ ઘણા બધા બાળકો પૂ. માના આવો અનુભવ કરાવવા બદલ ખૂબ આભારી છે. મને લાગે છે આ અનુભવ કરતાં બાળકો પૂ. માના ઘણા વધારે અહેસાનમંદ છે. ભૂતકાળમાં કેનેડાની શિબિરના એક દિવસની ઘટના મને યાદ આવે છે જેમાં પૂ. માએ બાળકો સાથે બે કલાક ગાળી છોકરાઓને ભારપૂર્વક એ સમજાવવા પ્રયત્ન કરેલ કે પૂ. મા જેવા સંતો એક હાથે પ્રભુને પકડી રાખે છે ને બીજા હાથે અમારા જેવાઓને પકડી પ્રભુ પાસે પહોંચાડવાના કામમાં મદદ કરે છે. શું એ એક અદ્‌ભુત ઘટના નથી કે પૂ. મા પોતાની સાધનામાંથી સમય કાઢી આપણે આધ્યાત્મિક પગલાં ભરીએ તે માટે મદદ કરી રહ્યાં છે! પૂ. મા તેમની દુનિયાનું આપણે આંખ

ઉઘાડી દર્શન કરી શકીએ તે માટે પ્રેમપૂર્વક આમંત્રણ આપી, પોકાર પાડી પ્રોત્સાહિત કરી રહ્યાં છે. કિન્તુ આપણામાંના ઘણા એવા છે જેઓ આંખો બંધ કરી જીવી રહ્યા છે. રાજેશકાકા જેવાઓના ઉદાહરણથી પૂ. મા આપણને સમજાવવા માગે છે. સ્વર્ગારોહણ ખાતેના મારા અનુભવોનું એક ખાસ તરી આવે તેવું જો કોઇ એક પાસુ હોય તો તે એ છે કે બીજાઓની મદદે કે સેવા કરતી વખતે મને કોઇ અહંકારનો જરા સરખો ભાવ પેદા થયો હોય. ઉલ્ટું હું તેઓની પાસેથી શીખ્યો. મેં જોયું પૂ. માને તેઓ કેવા અહોભાવથી જુએ છે. મેં એ પણ જોયું કે પૂ. માનું વર્તન તેમને કેવી બધી અસર કરી જાય છે. મેં જોયું કે હું પણ પૂ. મા સાથેનો મારો સંબંધ પાકો કરી શકું. પૂ. માનું મેં વિરાટ્ સ્વરૂપ નિહાળ્યું. પૂ. માનું જીવન એ પ્રભુનું આમંત્રણ જ છે.

પૂ. મા જેમને કંઇ ગ્રહણ કરવું છે તેમને આ અનુભવથી બોધ આપવા માગે છે. શાળાના બાળકોને દફતરો વહેંચવાની ધમાલની વચ્ચે એક દિવસ પૂ. માએ મને અટકાવી સ્લેટ પર લખ્યું "જોયું તમારા પોતાના બે હાથોવડે સેવા કરવાથી સંતોષ મળે તે સાવ જુદી જ વાત છે એ સાચું છે કે આ નાના બાળકોના મુખ પરના આભાર વ્યક્ત કરતા હાસ્યની તોલે ટપાલમાં નાંખેલ દાનના ચેકની સરખામણી શી રીતે થઇ શકે?

પૂ. મા દરેક બાળકમાં પ્રભુનું દર્શન કરે છે. તેઓ આપણને નમ્ર બનતાં શીખવે છે. પૈસાના મૂલ્ય કરતાં જે જરૂરિયાતમંદો છે તેમની કાળજી લેવી તે મહત્ત્વનું છે. વધારે મોટા અને સુગ્રથિત બોધ માટે પૂ. મા આ કરાવી રહ્યાં છે. ઘણી વાર આવા ધર્માદાના કાર્યક્રમને પોતાનું સર્જન માનીને આપણે સ્વાર્થવૃત્તિથી પોતાની સિદ્ધિ તરીકે ખપાવીએ છીએ. પરંતુ



સાચી રીતે તો તે ભગવાનનું કાર્ય છે, ભગવાનની સંપત્તિથી અને ઇચ્છાથી જ પાર પડે છે. આથી આપણે જાગ્રત થઇ એ વિચારવું જોઇએ કે આપણને કેવું સૌભાગ્ય સાંપડ્યું છે કે ખૂદ ભગવાન જ આપણી વચ્ચે પૂ. મા સ્વરૂપે વસી, પોતાની સ્લેટના લખાણદ્વારા સીધી, સાદી સૂચનાઓ આપતાં રહે છે."

મારા જીવનમાં પહેલી જ વાર પૂ. માને મેં એ કહેતા સાંભળ્યા કે તેમના અમેરિકાના બાળકોની હાજરીની ઉણપ સાલે છે. શાળામાં ભણતા બાળકોના હાસ્યની ખોટ મને વરતાય છે. તે ઉપરાંત સ્વર્ગારોહણના વાતાવરણની ઉણપ તો ખરી જ! માની ટીમ સાથે પાછા આવવાની હું રાહ ન જોઇ સકું. હવે મેં તે જાણી લીધું છે એટલે પૂ. માના આમંત્રણની જ હું રાહ જોઇશ.

કર્મ સ્વરૂપથી બંધનકારક છે જ નહિ, પરંતુ કર્મમાં ફલેચ્છા, મમતા, આસક્તિ અને કર્તૃત્વાભિમાન જ બાંધવાવાળાં છે.

—યોગેશ્વરજી

ફોન : દુકાન : ૨૨૫૮૮૧૨ ઘર : ૨૬૬૪૦૭૮
મોબાઇલ : ૯૩૭૪૭૧૦૩૦૪
દીપક સી. મહેતા
કૃષ્ણા ફિલ્મ્સ એન્ડ સ્ટુડિઓ
૧, શ્યામ એપાર્ટમેન્ટ, કાકડીઆ કોમ્પ્લેક્ષ પાસે,
ઘોડદોડ રોડ, સુરત-૩૯૫૦૦૧

# Maa unfolded my inner self

**Swati Bhakta**

Swargarohan has been an experience that I never imagined would be for me. I knew I wanted to grow spiritually and do something for my soul by going to Swargarohan, but I did not imagine what it would do to me and for me. Although, I've known Maa for over 10 years, I did not understand why I was in the presence of Maa. I'knew she was a big part of my parents' lives, but I always thought that I was too different to be truly myself in front of Maa. Going to Swargarohan, I realized Maa accepts everyone and has plenty of love to share.

The medical camp was an eye opening experience. It reminded me of how fortunate and spoiled we are here in America. We take things for granted while people in India are so thankful and grateful for the small things. What is small to us is such a big thing to them. It is so easy for us in America to take care of ourselves where as people in India have such a difficult time receiving the simplest medical attention. Things like Polio



are generally not heard of in America because of the vaccination we receive soon after we are born; in India so many people are affected by this disease because they do not have the means to be vaccinated. Something so simple such as a vaccination can be such an obstacle for people in India.

When we went to the villages we met some amazing people; these families lived in the most extraordinary and unfair circumstances. One family in particular found a place in my heart. This family consists of a 13 year old girl who has been taking care of her three younger siblings since she was nine years old due to both their parents passing away. To imagine a nine year old girl having to become a parent to three siblings is mind–boggling. I hope to find different ways to give to those in need. I have to thank my father who had the courage to leave India at such a young age for the sake of a better future for his entire family. Because of my parents, I am able to help others. I have been given the opportunity to help others and give myself selflessly. The opportunity to do good things in this world is the greatest gift I have been given.

One thing about me is that I am a sceptic and have a difficult time following things especially rules and regulations. Maa has made me realize that though Maa is extremely disciplined in her ways, she does not make others feel smaller for not following her ways. Maa tunes into all the little details and though we may' not think that they are important, Maa has a reason for everything. Maa somehow knows everything and pays attention to everything that is happening. Maa one way or another "speaks" to everyone in her magical way.

I remember this one moment during the medical camp, when one of the volunteers was not very accommodating to a particular lady who wanted to come into Swargarohan. I had thought to myself and then shared with my sister that I understood how important it was to keep things in order because of the vast number of people, but I also felt that the way he spoke to her was unnecessary. Soon after I said, "Maa would not let this be ok", Maa surprisingly appeared from nowhere and made it clear to the volunteer that it was not necessary to be so rude and Maa then allowed the lady to come into Swargarohan.



This moment spoke to me in a powerful way. This is what makes Maa different from all the other religious/spiritual leaders I have come in contact with. She not only teaches us to do good, but she also models it. Maa goes beyond what she teaches.

Maa has given others many opportunities in various ways. Besides the week camp, Maa gave strength to the women who participated in the Cycle Yatra (Bike-a-thon). Listening to the ladies who participated, made me realize how important this experience was for them. In America, females are taught that they can be what they want and equality is taught at a young age. Women have opportunities similar to men in America, but in India, it is difficult for women to feel like they have the ability to be something or do something important. Maa gave those ladies an experience they will never forget and the strength to realize their ability to do anything they dream of.

Maa has given me the strength to see a side of me that I had been looking for. She helped me connect with my inner spirituality that I have not been able to tap into. Maa gave me the strength to be me and made me realize how much I love giving and how

wonderful it make me feel.

Being at Swargarohan has made me open a side of myself that had been hidden inside me. The feelings! experienced at Swargarohan are indescribable and difficult to put into words. I have never felt so happy while forgetting about myself and thinking of others. When we had to leave, it was such a sad moment. I had a hard time walking out of Swargarohan. It truly is a place of heaven.

Maa you are amazing.

સંશય અધૂરાજ્ઞાનમાં જ પેદા થાય છે. આને જ અજ્ઞાન કહે છે. સંશયનો ખટકો લાગે તો જીજ્ઞાસા પેદા થાય. – યોગેશ્વરજી

**આ દિવસો પણ ચાલ્યા જશે.**

**સ્થાપત્ય કન્સ્ટ્રક્શન**

**પ્રો. મનીષ હરિભાઈ ભોજાણી,**

**બિલ્ડર્સ એન્ડ ડેવલપર્સ,**

મધુર કોમ્પ્લેક્ષ, શનાળા રોડ, મહારાજા ટાઈલ્સ સામે,

**મોરબી**–૩૬૩૬૪૧.

ફોન : (ઓફિસ) ૨૨૧૩૮૧, (રહેઠાણ) ૨૩૦૨૨૨.



# પૂ. માએ મારો આત્મિક ઉઘાડ કર્યો

અંગ્રેજી સંપાદન : **સ્વાતિ ભક્ત**

ગુજ.અનુવાદ : **તંત્રી**

મેં કલ્પના નહોતી કરી કે સ્વર્ગારોહણ જેવા અનુભવની ઘટના મારા જીવનમાં કદી ઘટશે. હું જાણતી હતી કે મારે આધ્યાત્મિક માર્ગે પ્રગતિ કરવી છે. એટલે સ્વર્ગારોહણ જઈને મારે મારા આત્મિક કલ્યાણ માટે કંઈક કરવાનું છે, પરંતુ તેનાથી મારે માટે શું કરવાનું હશે તેની કલ્પના ન હતી. જો કે હું પૂ. માને છેલ્લા દસેક વર્ષથી જાણું છું. પરંતુ હું પૂ. માના પરિચયમાં શા માટે છું, તેની મને કોઈ સમજ ન હતી. મને એ ખબર છે કે પૂ. માનું સ્થાન મારા માતાપિતાના જીવનમાં ઘણું મોટું છે. કિન્તુ હું હંમેશાં વિચારતી કે પૂ. માની હાજરીમાં હું મારા તદ્દન સાચા સ્વરૂપમાં ભલેને સાવ જુદી બની રહું. સ્વર્ગારોહણ જતા મને ખાત્રી થઈ કે પૂ. મા બધાંને આવકારે છે અને બધાંને આપવા માટે તેની પાસે પુષ્કળ પ્રેમ છે.

નિદાનકેમ્પ મારે માટે આંખ ઉઘાડનાર અનુભવ બની રહ્યો. તેણે મને ભાન કરાવ્યું કે અમે કેટલાં ભાગ્યશાળી છીએ તેમ જ અમેરિકામાં વસીને કેવાં બગડ્યાં છીએ. અહીં તો અમે દરેક વસ્તુનું યોગ્ય મૂલ્ય સમજતાં નથી, જ્યારે ભારતમાં નાની વસ્તુઓની કદર કરી, લોકો આભાર માને છે. અમારે મન જેનું કોઈ જ મૂલ્ય નથી, તે તેમને ઘણી મોટી ને કિંમતી લાગે છે. અમેરિકામાં અમારે અમારા આરોગ્યનું ધ્યાન રાખવું સાવ સરળ છે, જ્યારે ભારતમાં સાદી દાક્તરી સારવાર માટે પણ કેટલી હાડમારી ઉઠાવવી પડે છે. અમેરિકામાં પોલિયો જેવા દર્દ વિષે સામાન્ય રીતે કંઇ સાંભળવા મળતું નથી, કારણ કે ત્યાં બાળક જન્મે કે તરત પોલિયોની રસી આપી દેવામાં આવે છે.

જ્યારે ભારતમાં ઘણા બધા માણસો આ રોગના ભોગ બને છે કારણ કે તેઓની પાસે આ રસી મૂકાવવાના પૈસા નથી.

આવી સાદી રસી મૂકવાની સગવડના અભાવે લોકોને શારીરિક મુશ્કેલી ભોગવવી પડે છે. અમે જ્યારે ગામડાની મુલાકાત લીધી ત્યારે કેટલાક આશ્ચર્યકારક માણસોને મળવાનું થયું. આ કુટુંબના માણસો સાવ સાદા, ઝૂંપડા જેવા ઘરોમાં અને બિનઆરોગ્યપ્રદ વાતાવરણમાં રહેતા જોવા મળ્યા. ખાસ કરીને એક કુટુંબની ઘટના મારા હૃદયમાં ઘર કરી ગઈ. આ કુટુંબમાં તેર વર્ષની એક દીકરી છે અને તે પોતાના ત્રણ નાના ભાઈ—બહેનોની સંભાળ રાખે છે. કારણ કે જ્યારે તે નવ વર્ષની હતી ત્યારે તેના માતા—પિતા ગુજરી ગયા હતા. કલ્પનામાં પણ ન આવે કે નવ વર્ષની એક છોકરી ત્રણ નાનાં ભાઈ—બહેનોની સંભાળ રાખનારી બની રહે. જરૂરિયાતવાળાને મદદ પહોંચાડવા-ના જુદા—જુદા માર્ગો શોધવાની હું આશા રાખું છું. ખરેખર જ મારા પિતાનો આભાર માનવો જોઈએ કે જેમણે ઘણી નાની વયમાં પોતાના કુટુંબના ભલા માટે ભારત છોડવાની હિંમત દાખવી. મારા માતા—પિતાને કારણે જ હું બીજાને મદદ કરવા શક્તિમાન છું. હું કોઈ પણ જાતના સ્વાર્થ વગર બીજાઓને મદદરૂપ થઈ શકું તેવી તક મને પ્રભુએ આપી છે. બીજાઓને મદદ કરવાની પ્રભુએ જે મને તક આપી છે તે ઈશ્વર તરફથી મળેલી મોટામાં મોટી ભેટ છે.

મારા વિશે કહું તો હું સંશયવાદી છું અને કોઈ પણ પ્રકારના ધારા—ધોરણને અનુસરવાનું મને મુશ્કેલ લાગે છે. પૂ. માએ મને ખાત્રી કરાવી છે કે મા પોતાના જીવનમાં નિયમોનું ચૂસ્તપણે પાલન કરે છે આમ છતાં જેઓ તે પ્રમાણે નથી કરતાં તેમને ઉતરતા દેખાય તેવું તેઓ નથી કરતા. પૂ. મા ખૂબ જ



નાની—નાની વસ્તુઓની પણ કાળજી રાખે છે. જેનું આપણે મન બહુ અગત્ય નથી હોતું. છતાં દરેક બાબત તેઓ શા માટે કરે છે. તેનું કારણ તેઓની પાસે હોય છે. ગમે તેમ પણ પૂ. મા બધું જ જાણે છે અને જે કંઈ બની રહ્યું છે તેની જાણ પણ તેઓ આપે છે. પૂ. મા દરેક સાથે એક યા બીજી રીતે ચમત્કારિક રીતે વાત કરે છે.

મેડિકલ કેમ્પની એક ઘટના મને યાદ છે. સ્વયંસેવકોમાંના એક સ્વર્ગારોહણમાં આવનાર એક બેન પ્રત્યે સહાનુભૂતિ નહોતા ધરાવતા. મેં આ બાબત વિશે વિચાર્યું અને મારી બહેન સાથે પણ તેની ચર્ચા કરી કે ખૂબ મોટો સમુદાય ભેગો થયો હોય ત્યારે વ્યવસ્થા જાળવવી એ ખૂબ અગત્યનું છે છતાં મને લાગ્યું કે જે રીતે આ ભાઈ તે બહેન સાથે જેવી રીતે બોલ્યા તે બિનજરૂરી હતું. તરત જ મેં કહ્યું કે માને આ નહિ ગમે. અચાનક પૂ. મા ક્યાંકથી આવી ચઢ્યાં અને તે સેવકને સમજાવ્યું કે આપણાથી આવા અસભ્ય ન થવાય અને પછી તરત જ તે બેનને સ્વર્ગારોહણમાં પ્રવેશ આપી દીધો. આ બાબતની મારા મન પર ખૂબ ઊંડી છાપ પડી. અત્યાર સુધી હું જે બધા ધાર્મિક અને આધ્યાત્મિક વ્યક્તિઓના પરિચયમાં આવી છું તેમનાથી મા આ રીતે જુદા તરી આવે છે. તેઓ આપણને સારું કરવા માટેની શીખામણ કે શિક્ષણ આપે છે તેટલું નહિ પણ તેનો અમલ કેમ કરવો તે પણ શીખવે છે. પૂ. મા ખરેખર જે દેખાય છે તેના કરતાં ઘણા બધા મહાન છે.

પૂ. માએ બીજાઓને અનેક રીતે ઘણી બધી તકો આપી છે. આ અઠવાડિયાના પોલિયોના નિદાન કેમ્પ ઉપરાંત પૂ. માએ સાંયકાલ યાત્રામાં ભાગ લેનાર બહેનોને શક્તિ પૂરી પાડી છે તેની ખાત્રી આ સાયકલ યાત્રામાં ભાગ લેનાર બહેનોના

વક્તવ્ય પરથી થઈ. એનાથી મને એ પણ જણાયું કે સાયકલ યાત્રાનો અનુભવ તે બહેનોના જીવનમાં કેટલી બધી અગત્યતા ધરાવે છે! અમેરિકામાં બહેનોને શીખવવામાં આવે છે કે તેઓ જે ધારે તે થઈ શકે છે. સ્ત્રી–પુરુષની સમાનતાનું શિક્ષણ નાન-પણથી જ આપવામાં આવે છે. અમેરિકામાં સ્ત્રી અને પુરુષોને સરખી જ તકો છે પરંતુ ભારતમાં બહેનો પણ કંઈ અગત્યનું કરવાની શક્તિ ધરાવે છે તેવું અનુભવવું બહેનો માટે મુશ્કેલ છે. પૂ. માએ આ બહેનોને એવો અનુભવ કરાવ્યો તેઓ ક્યારે પણ ભૂલી નહિ શકે. અને જે જીવનમાં જે કંઈ કરવાની અપેક્ષા રાખતા હોય તે પૂરી કરવાની શક્તિ તેઓ પૂરી પાડશે.

મને જેની ઝંખના હતી તે ઓળખવાની શક્તિ પૂ. માએ મને પૂરી પાડી. મારી આંતરિક ચેતના સાથે જોડી આપવાના અનુસંધાનના કામમાં પૂ. મા મને મદદ કરી. આ ચેતનાનો અત્યાર સુધી હું કોઈ જ ઉપયોગ કરી શકી નથી. પૂ. માએ મને મારી જાતને ઓળખવાની શક્તિ આપી અને મને પ્રતીતિ કરાવી કે આપવામાં કેટલો આનંદ આવે છે! અને તેની અનુભૂતિ કેવી અદ્ભુત છે તેની પણ પ્રતીતિ કરાવી સ્વર્ગા-રોહણમાં રહેવાથી મારા જીવનનું એ પાસુ ખુલ્લું થયું જેની અત્યારસુધી મને જાણ ન હતી. સ્વર્ગારોહણમાં મેં જે લાગણી-ઓ અનુભવી તે ખરેખર અવર્ણનીય અને ભાષામાં અભિવ્યક્ત ન કરી શકાય તેવી છે. મને મારી જાતને ભૂલી જવાથી અને બીજાને વિચાર કરવાથી કેટલું બધું સુખ મળે છે તેનો અનુભવ અગાઉ કર્યો નથી. સ્વર્ગારોહણને છોડવાની ક્ષણ એવી દુઃખદ હતી કે સ્વર્ગારોહણમાંથી બહાર નીકળતા મારા પગ ભારે થઈ ગયા. સ્વર્ગારોહણ ખરેખર એક સ્વર્ગ જ છે. મા તમે ખરેખર આશ્ચર્યકારક છો. ✡



# Learn to Appreciate the smallest Thing you get

**Puja Bhakta**

This December was my first time visiting Swargarohan. The poverty and helplessness I experienced was an indescribable feeling. It was truly life changing. Out of the seven times I have visited India, no trip has impacted my life quite like this past December.

One of the biggest things I learned was that poverty in America is so blown out of proportion. In America, poverty is hardly ever seen. It is only found on few street comers of big cities. However, in India, as soon as I got out of the airport, poverty struck me in the face. In America, there are so many help organizations, for the few people that need it; it's the complete opposite in India. So many people are in need of help, and so few people are willing to be helpful. If beggars of India were compared to the beggars of America, it would be like comparing a servant to his king, that is how well off the poor in America are. Having gone to India many times before this past December, I had seen the poverty, except

this time, it's as if my eyes were actually opened up to it. I had never seen so much of it all in once place, at one time. It proved that the poverty of America couldn't even compare, it seemed so frivolous. Seeing those children who walked miles to receive a backpack, sweater, toboggan, and Prasad with no shoes, and shorts and a torn shirt in late December and then remembering the beggars back home, wearing a jacket, boots, and scarves in the cold. It really made me realize just how much these people needed help, and how much Maa was doing to help them.

Another big thing I learned in India was appreciation. When we gave the children a simple sweater, the smile that they gave back was priceless. They appreciate so much more than I think I ever will. these children have next to nothing, but live each day with smiles. When we went to the villages to see how they live, we saw children walking back home from school. They were barefoot and walking through the rocks and dirt as if it was nothing. Seeing them barefoot, I remembered most of had to make a stop at the hotel before leaving Ambaji to get tennis shoes because we didn't want to risk it in our sandals or flip flops. And



here they were singing along, making their way back home barefoot, not concerned that it was a two or three mile walk. Whereas we complain about walking a few streets down to school, we'd much rather take our cars and avoid the either too hot or too cold weather. At one particular house, we saw children running around bare because they only had one pair of clothing. It was being washed, so they had nothing else to wear. When winter rolls around in America, we go out the stores and make sure we have nice jackets to keep us warm, big boots for our feet, and scarves and gloves. We have so much here in America, but realize so little. We take our winter scarves and twenty different pairs of shoes for granted.

This past December was one of the most rewarding experiences of my life. Out of the many things I learned and saw, poverty was the one that hit me the hardest. I hope that I retum often to give what little I did this past Christmas. But even more than that, I hope that whatever I saw, teaches me to appreciate even the smallest things that I have been taking for granted the past sixteen years of my life.

# જીવનમાં પ્રાપ્ત થતી નાની વસ્તુની પણ કદર કરતાં શીખો

અંગ્રેજી સંપાદન : **પૂજા ભક્ત**
ગુજ.અનુવાદ : **પ્રતિમા જાની**

આ ડીસેમ્બર—૨૦૦૬ માં મેં પહેલી જ વાર સ્વર્ગારોહણની મુલાકાત લીધી. ત્યાં મેં ગરીબી અને લાચારી અનુભવી તે શબ્દોમાં વર્ણવી શકાય તેમ નથી. તે ખરે જ જીવનમાં પરિવર્તન લાવે તેવી હતી. અત્યાર સુધીમાં મેં સાત વાર ભારતની મુલાકાત લીધી પરંતુ ગયા ડીસેમ્બરમાં ભારતની મારી મુલાકાતે જે અસર કરી, તેવી અગાઉની કોઇ મુલાકાતે કરી નથી.

હું જે મોટામાં મોટી વાત શીખી તે એ કે અમેરિકામાં જે ગરીબાઈની વાતો થાય છે તે ખરેખર ખૂબ વધારીને કહેવામાં આવે છે. અમેરિકામાં ભાગ્યે જ ગરીબાઇ દેખાય છે. તે તો માત્ર મોટા શહેરોની ગલીઓના ખૂણાઓમાં જ જોવા મળે છે. એથી ઉલ્ટું ભારતમાં, મેં વિમાનઘરમાંથી જેવો પગ બહાર મૂક્યો કે ગરીબાઇ તરત જ નજરે પડી. અમેરિકામાં તો ઘણી બધી મદદ કરતી સંસ્થાઓ છે જે થોડા ઘણા જરૂરિયાતવાળા માણસોને મદદ કરે છે. કિન્તુ ભારતમાં તેનાથી તદ્દન વિપરિત પરિસ્થિતિ છે. અહીં ઘણા બધાં માણસોને મદદની જરૂર છે અને મદદરૂપ થવાની ઇચ્છાવાળા બહુ ઓછા માણસો છે. ભારતના ગરીબોની સરખામણી જો અમેરિકાના ગરીબો સાથે કરવામાં આવે તો એક રાજાની સાથે સરખામણી કરતાં હોઇએ તેવું લાગે. અમેરિકાના ગરીબો આવા છે! ગયા ડીસેમ્બર પહેલાં ઘણીવખત ભારતની મુલાકાત લીધેલી પરંતુ આ વખતની ગરીબાઇ મેં જોઇ તે મારી આંખો ઉઘાડનારી બની



રહી. આ પહેલા મેં એક જ સ્થળે અને એક જ સમયે આટલી ગરીબાઇ જોઇ ન હતી. તેનાથી એ સાબિત થયું કે અમેરિકાની ગરીબાઇને ભારતની ગરીબાઇ સાથે કદી સરખાવી શકાય નહિ. તે તો સાવ નજીવી લાગે. શિયાળાની કડકડતી ઠંડીમાં ફાટેલા કપડાં તેમ જ પગમાં બૂટ—ચંપલ વગરના, માઇલો સુધી ચાલીને પૂ. મા પાસે દફતર, સ્વેટર, પ્રસાદ વગેરે લેવાં આવતાં બાળકોને જોઇને અનુકંપા થતી પરંતુ તેઓ જ્યારે સ્વેટર, ચંપલ, દફતર વગેરે લઇને પાછા ફરતાં તે જોઇને આનંદ થતો હતો. આ જોઇને મને પ્રતીતિ થઇ કે આ લોકોને કેટલી બધી મદદની જરૂર છે અને એમને મદદ પહોંચાડવા પૂ. મા કેટલો બધો પરીશ્રમ લઇ રહ્યાં છે.

ભારતમાં બીજી નવી વસ્તુ શીખી તે—સારી વસ્તુની કદર કરવાની. જ્યારે અમે બાળકોને સાદાં સ્વેટર આપ્યાં તેના પરિણામે તેઓએ જે સ્મિત સાથે પ્રતિભાવ આપ્યો તેની કિંમત પૈસાથી આંકી શકાય તેમ નથી. આ બધી વસ્તુની પ્રાપ્તિ પછી તે લોકોએ તેને એટલું બધું વખાણ્યું કે હું કદીપણ એવું કરી ન શકું. આ બધા બાળકો પાસે કાલનું ખાવાનું નથી, છતાં પણ તેઓ સ્મિત સાથે જીવી રહ્યાં છે. અમે જ્યારે આ લોકો ગામડાના ઘરોમાં કેવી રીતે રહે છે તે જોવા ગયા તો આ બાળકોને શાળાએથી ચાલીને પાછા ઘરે આવતાં જોયા. તેઓ ઉઘાડા પગે હતા અને રેતી અને પથ્થરો વચ્ચે ચાલીને જતાં હતાં છતાં તેનું તેમને કંઇ દુઃખ ન હતું. એમને ઉઘાડા પગે જોતા મને યાદ આવ્યું કે તેમનાં ઘરો જોવાં જવાના હતાં તે પહેલાં અંબાજી હોટેલ આગળ રોકાઇને અમે ટેનીસ બૂટ ખરીદ્યાં. કારણ કે અમે અમારા સેંડલ પહેરીને ચાલવાનું જોખમ ઉઠાવવા માગતા નહતા. આ લોકો અહીં ખુલ્લા પગે ગાતાં—ગાતાં બે—ત્રણ કિલોમીટરનું અંતર તો રમતાં રમતાં ચાલી નાખતાં હતાં. જ્યારે

અમારે અમેરિકામાં શાળાએ થોડાંક જ અંતરે ચાલીને જવા માટે ફરિયાદ કરતાં અને તે પણ ઠંડી કે ગરમીથી બચવા અમારી ગાડીઓ લઈને જઈએ છીએ. ખાસ એક ઘર આગળ અમે જોયું કે બાળકો ઉઘાડા શરીરે દોડી રહ્યાં હતાં કારણ કે તેઓ પાસે પહેરવાના કપડાંની એક જ જોડ હતી અને તે ધોવા નાખી હતી તેથી અત્યારે વહેરવા માટે બીજું કંઈ જ ન હતું જ્યારે અમેરિકામાં શિયાળાની શરૂઆત થાય ત્યારે અમે અમારા શરીરને ગરમ રાખવાં જોઈતાં જેકેટ, પગમાં પહેરવાના ગરમ-બૂટ, માથે પહેરવાનાં સ્કાર્ફ તેમ જ હાથમાં પહેરવાના ગરમ મોજાં સ્ટોરમાંથી ખરીદી લેતાં. અમેરિકામાં અમારી પાસે ઘણું બધું છે પણ તેનું મૂલ્ય બહું ઓછું આંકીએ છીએ. અમારી પાસે શિયાળા માટે જુદા–જુદા પ્રકારનાં ઘણાં બધાં મોજાં અને માથે બાંધવાના સ્કાર્ફ છે પણ તેની અમારે મન કોઈ જ ગણના નથી.

૨૦૦૬ નો ડીસેમ્બર મહિનો અમારા જીવન માટે ઉત્તમ શિક્ષણના અનુભવોની પ્રેરણા આપતો બની રહ્યો. અહીં ઘણી બધી વસ્તુઓ જોઈ અને શીખી તેમાંથી જો કોઈ સૌથી અસરકારક વસ્તુ હોય તો તે અહીંની ગરીબી છે. હું આશા રાખું છું કે હું ભારત વારંવાર આવું અને ગયા નાતાલમાં મેં જે કંઈ કર્યું તેમાં હું મારું પ્રદાન કરી શકું. મારા જીવનના છેલ્લા સોળ વર્ષો દરમ્યાન નાની–નાની બાબતોની હું અવગણના કરતી તેની કદર કરવી જોઈએ તેનું ભાન મને અહીંના શિક્ષણથી પ્રાપ્ત થાય તેવું હું ઈચ્છું છું.



# ‘અમારા ઘરમાં અમે છીએ.’ પૂ. મા

**નીરૂબેન મિસ્ત્રી**

કડોલીનો પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ છે. પૂ. મા નવસારીમાં નીરૂબેન અને શ્રી જગુભાઈને ત્યાં નિવાસ કરે છે. જગુભાઈ અને નીરૂબેન પ્રથમવાર પૂ. માના યજમાન બન્યાં છે. પૂ. મા પધારવાનાં હતાં તે પહેલાં અને પૂ. મા પધાર્યા તે સમયે પણ નીરૂબેન ચિંતિત હતાં કે હું પૂ. માનું ધ્યાન રાખી શકીશ કેમ. પૂ. મા તેઓને કહે છે, “અમે અમારા ઘરમાં છીએ.” પૂ. માનો વ્યવહાર સહજ હતો. નીરૂબેન અને જગુભાઈ સવારે પૂજામાં જતાં હતાં તે સાંજે આવતાં હતાં. પૂ. મા સાથે નીલાબહેન હતાં. પૂ. માના દૂધ–ફળ અને બીજી બધી જવાબદારી તેઓએ સહજ રીતે સ્વીકારી લીધી હતી. નીરૂબેન આવે એટલે પૂ. મા પ્રસન્નતાથી સ્વાગત કરતાં. નીરૂબહેન કહે, “ખૂબ ગરમી હતી. પૂ. માના હાથમાં સ્લેટ હતી. પૂ. મા હસતા હસતા સ્લેટથી તેમને પવન નાખવા લાગ્યાં પૂ. માનો બાળસહજ વ્યવહાર અને વિનોદવૃત્તિનાં દર્શન થાય. પૂ. માના આ અભિનયથી નીરૂબેનનો થાક એક ક્ષણમાં જ ઉતરી ગયો. પૂ. માએ સ્નાન કરી આરામ કરવા કહ્યું. પૂ. માએ દૂધ–ફળ લીધાં, ત્યારે તેમાંથી પણ પ્રસાદ તેમને આપ્યો.”

સાંજના સમયે તેમને ત્યાં દીવા અને અગરબત્તીની પ્રણાલિ હતી. તે તેમનું મંદિર જોતાં લાગતું. પૂ. માએ એક દિવસ નીલાબહેન પાસે અને બીજે દિવસે મારી પાસે મંદિરમાં દીવો અને અગરબત્તી કરાવ્યાં.

સૂરતના ભક્તો આવ્યા હતા. થોડો કચરો હતો. પૂ. મા કચરો કાઢવાની પણ અમને સૂચના આપે છે.

તો પૂ. માનાં કપડાં ધોવાનું કોને કહીશું? પૂ. માએ તરત જ તે કામ માટે ગીતાબહેનને ફોન કરાવ્યો.

કડોલી જવાનું હતું ત્યારે નીલાબેન પાસે પૂ. માએ ઉભા રહી ઘર બંધ કરાવી તાળું મારી સાથે ચાવી લીધી.

તો દક્ષિણાનાં કવર અને તે અંગેની બીજી કાર્યવાહી પણ પૂ. માએ જાતે જ કરી.

અમારા ભોજનની વ્યવસ્થા પૂ. મા જ કરતાં. પૂ. માનું જ ઘર હોય તે રીતે પૂ. માએ બધી ફરજ બજાવી. પૂ. માએ પોતાના શબ્દોને આ રીતે સાચા પાડ્યા.

પૂ.માએ જેને પોતાના ગણ્યા તેના ધન્યભાગ્યને પ્રણામ કર્યાવિના રહી શકાય નહિ.

પરંતુ તે માને તો જીવન ધરી પોતાના કરી દેવાનું સદ્ભાગ્ય આપણને મળે તો!

હે મા, તેવું સદ્ભાગ્ય ધરજો.

એજ પ્રાર્થના.



# પરમાર્થ પર્વ—ભાગવતી પર્વ

રાજુ યાત્રી (અમેરિકા)

**''પગલે તીરથ સર્જન થાય, દૈવી સૃષ્ટિનાં દર્શન થાય.''**

પરમાર્થીની આ પંક્તિઓ વારંવાર ઘણાએ અનુભવી છે. તે જ રીતે બ્રાઉન્સવીલમાં આવેલા લગભગ ૩૦૦ શિબિરાર્થી-ઓએ નવરાત્રીના દસ દસ દિવસ રોજ રોજ આ મહોત્સવ માણ્યો.

પરમાર્થ પર્વ—પરમાર્થી ઈશ્વરભાઈએ પૂ. માને જે રૂપમાં નિહાળ્યાં તે રૂપનું તાદશ સ્વરૂપ પૂ. માએ છતું કર્યું તેમ કહીએ તો તેમાં કોઈને અતિશયોક્તિ ન લાગવી જોઈએ. પરમાર્થ પર્વની સાથે પરમાર્થી જ જોડાયેલા છે તો તેને લક્ષ્યમાં લઈને જ આ પર્વને શબ્દોદ્વારા માણવામાં અને વર્ણવવામાં આવે તો કશું જ અજૂગતું નથી. ઘણાં ઘણાં સંયોજનો આ પરમાર્થ પર્વમાં પૂ. માએ ગોઠવ્યાં. હા! પૂ. માએ! અદ્ભુત વ્યવસ્થા શક્તિનું સંયોજન એ પૂ. માનું આગવું અને લાક્ષણિક પાસું છે! પરમાર્થીને છાજે અને ગમે એવું સુંદર આયોજન અને સંયોજન.

અમેરિકાની સરહદ પર ટેક્સાસ રાજ્યના નાના એક શહેર બ્રાઉન્સવીલ શહેરમાં આ પર્વનું અચાનક આયોજન આ વર્ષની શરૂઆતમાં પૂ. માની સંમતિથી યોજવામાં આવ્યું. તેના મુખ્ય યજમાન—પંકજભાઈ અને દક્ષાબેન. પરમાર્થીના પુત્ર અને પુત્ર-વધૂ, અનન્ય શ્રદ્ધાના સ્રોત્ર એવા આ દંપત્તિને જોઈને કહેવાનું મન થાય કે 'મોરના ઈંડાને ચીતરવાં ના પડે!'

પરમાર્થીએ લખેલા શબ્દોને—'સાત્ત્વિક સર્વ સંકલ્પ ફળે'—મૂર્તિમંત કરવા માટે તેમણે તન—મન—ધન અને દિવસ—રાત એક કર્યા. મૌન અને સૌજન્યતાને ઓઢીને ફરનારા આ યજમાનને માટે શબ્દો નાના પડે.

'લાખો વંદન કરીએ માડી તને,
તારા ચરણોમાં કરીએ, ચરણોમાં કરીએ કોટિ પ્રણામ.'

—પરમાર્થીના આ ભાવો સાથે આ પર્વની શરૂઆત થાય છે.

શિબિરના પ્રથમ દિવસે પંકજભાઇના જૂના નિવાસસ્થાનથી શોભાયાત્રાનું આયોજન થયું. પૂ. યોગેશ્વર પ્રભુના સ્વરૂપને મંદિરમાં આસન આપી અને એ મંદિરને ટ્રેઇલરમાં ગોઠવવામાં આવ્યું. તેની આજુબાજુ પંકજભાઇ અને જયુભાઇ ગોઠવાયા અને પ્રભુની સામે સંકીર્તન મંડળી. બાકીના લગભગ ૧૫૦ શિબિરાર્થીઓએ બે—બેની હરોળમાં પદયાત્રા કરતાં કરતાં દોઢ માઇલની આ યાત્રા શરૂ કરી. બ્રાઉન્સવીલના પોલીસ ઓફિસરોએ મોટર સાયકલ ઉપર એસકોર્ટ કરીને પૂ. પ્રભુની આ શોભાયાત્રાને શહેરના માર્ગો ઉપર દોરી હતી! આ દોઢ માઇલની શોભાયાત્રા દરમ્યાન સખત ગરમીના વાતાવરણ વચ્ચે પણ ભક્તોનો ઉમંગ કંઇક ઓર જ હતો. માઇક્રોફોન, લાઉડસ્પીકર સાથે નીકળેલી આ શોભાયાત્રા દરમ્યાન સતત ભજન—ધૂનની મસ્તી માણવામાં સૌ કોઇ એવા મસ્ત હતાં કે કયા રસ્તે જઇ રહ્યા છીએ, કોણ જુએ છે, કંઇ જ ખબર ન પડી! એ મસ્તી સાથે સૌ લગભગ દોઢ કલાક ચાલીને શિબિરના સ્થળે આવી પહોંચ્યાં. જ્યાં પૂ. પ્રભુને શિબિર મંડપમાં સ્ટેજ ઉપર મધ્યમાં પધરાવ્યા. સ્ટેજ ઉપર એકબાજુ



ભારતનો ધ્વજ અને બીજી બાજુ અમેરિકાનો ધ્વજ શોભી રહ્યો છે. આ યુનિવર્સલ સીટીઝનને ક્યાં કોઇ ધ્વજ સાથે લેવાદેવા છે?! પરંતુ પૂ. માનું આ સૂક્ષ્મદર્શન છે, તેની પાછળ માનવ સ્વભાવમાં રહેલી જે અપેક્ષાઓ અને ખોટી છાપ છે તેને સાચા માર્ગ ઉપર લાવવાની સમજ સમાયેલી છે. પૂ. મા અને પૂ. પ્રભુની ભારતમાતા પ્રત્યેની પ્રીતિ તો કોઇથી અજાણ નથી. પરંતુ અહીં જન્મેલા અને ઉછરેલા ભારતીય બાળકો કે મોટેરાંઓના મનમાં બે ભિન્ન દેશો માટે કોઇ પણ જાતની ઘૃણા કે અલગતા ભર્યો ભાવ ઉભો થવા દીધા વિના તેમને ભારત પ્રત્યે, ભારતીય સંસ્કૃતિ અને ભારતીય આધ્યાત્મિકતા વિષે સાચી સમજ આપવાની આ આગવી રીત છે. ભારતીય ધ્વજ, ગાંધીજી અને સરદાર વગેરેના ચિત્રો પણ આ શિબિર સ્થળ ઉપર ઠેર ઠેર જોવા મળ્યાં. મા જગદંબાના આ પર્વ સાથે સાથે જાણે મા ભારતીનું પણ પર્વ હોય એવો માહોલ હતો.

શ્રી પંકજભાઇનું આ નિવાસસ્થાન કુદરતી સૌંદર્યથી ભર્યું ભર્યું છે. લગભગ બે એકર જેટલી જમીન ઉપર, મધ્યમાં શિબિર મંડપ શોભાયમાન છે. તેની આસપાસ નાળિયેરી અને પાઇન સહિત વિવિધ જાતના વૃક્ષોની હારમાળા છે. શિબિર મંડપમાં બેસીએ તો બન્ને બાજુથી ખુલ્લા એવા આ મંડપમાંથી પાછળ જ આવેલા નદી સ્વરૂપના સરોવરના દર્શન થતાં જેમાં અનેક જળચર પક્ષીઓ એક સુંદર દૃશ્ય કુદરતના કેનવાસ ઉપર દોરતાં! એકબાજુ પૂ. માનું નિવાસસ્થાન અને બીજી બાજુ શ્રી પંકજભાઇનું નિવાસસ્થાન. આમ આ વિશાળ કંપાઉન્ડમાં આ શિબિરનું આયોજન હતું. તો વળી મુખ્ય મંડપની જમણી

બાજુએ એક ઉંચો રંગમંચ (સ્ટેજ) પણ છે. જે પંકજભાઇએ થોડા સમય ઉપર જ બનાવ્યો છે. પંકજભાઇના નિવાસમાં જ આવેલા કાર ગેરેજને સવારના દૂધ—ફળ ને વિશ્રામના સ્થાનમાં પલટાવી દેવામાં આવેલું. જો કે એમનું આખુંયે નિવાસસ્થાન શિબિરાર્થીઓ માટે તો તેમણે ખુલ્લુ જ મૂકી દીધું હતું! તો વળી શિબિરાર્થીઓનો ઉતારો, બપોર અને સાંજના ભોજનની વ્યવસ્થા 'ડેઇઝ ઈન' મોટેલ ઉપર રાખવામાં આવી હતી જે લગભગ ત્રણ માઈલ દૂર હતી. ત્યાંથી શિબિર સ્થળ ઉપર આવવા—જવા માટે એક બસ અને બે મીની—વાનની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી. આ સઘળી જરૂરિયાતો પૂરી પાડવા-માં નામી—અનામી અનેક લોકોએ મહત્ત્વનો ભાગ ભજવ્યો. મોટેલનો નિવાસ તો સાવ સામાન્ય દરે ફાળવવામાં આવ્યો. શિબિરાર્થીઓને બસ અને વેનમાં લઇ જવાની જવાબદારી પણ શિબિરાર્થીઓએ ઉપાડી લીધી. ભોજનની વ્યવસ્થા પંકજભાઇ-ના સંબંધીઓ અને ભક્ત સમાજના ભાઇ—બેનોએ સસ્મિત જાળવી લીધી. સૌ આ શિબિર જાણે પોતાના ઘરનો જ એક પ્રસંગ હોય તેવા ભાવ સાથે કાર્યરત દેખાતા.

આ શિબિર સ્થળના આયોજનની વાત પણ જાણવા જેવી છે. અગાઉથી શિબિર સ્થળે પહોંચેલા મૂક સેવકોએ જણાવ્યું કે જ્યારે પૂ. મા એક અઠવાડિયા પહેલાં આવ્યાં ત્યાં સુધી તો આ સ્થળ ઉપર કોઇ જ તૈયારી થઇ શકી ન હતી. હા! જરૂરી સાધન—સામગ્રી તૈયાર હતી. પરંતુ પૂ. માનું જે 'પરફેક્શન' છે, પૂ. માનું જે 'સુપર—વિઝન'—બારીકાઇ ભરી દૃષ્ટિ છે તેને ધ્યાનમાં લેતાં તે સૌએ પૂ. માની જ રાહ જોઇ. માત્ર એક



અઠવાડિયામાં તો પૂ. માએ જંગલને મંગલ બનાવી દીધું. અતિશય પવન અને વરસતા વરસાદમાં મંડપની છતને પકડી રાખવી પણ મુશ્કેલ હતી. તો વળી સીમેન્ટની સખત ભોંય ઉપર ખીલા ઠોકતા નાકે દમ આવી ગયો. આવી પ્રતિકૂળતાઓ વચ્ચે પણ આ સુંદર મંડપનું આયોજન પૂર્ણ થયું અને તે પણ એક જ અઠવાડિયામાં!

આમ તો જો કે સમગ્ર શિબિરના કાર્યક્રમની રૂપરેખા પૂ. માએ તૈયાર જ કરી દીધી હતી. સવારે પ્રભાત વંદના, પ્રાર્થના, પૂ. શ્રીનું પ્રવચન, સાધકોની વ્યક્તિગત સાધના, બપોરે પરમાર્થ કથા અને ગાંધી કથા, વ્યક્તિગત સાધના, ભજન અને ધૂન, તો રાત્રે સાધકોના અનુભવો, ભજન અને આદ્યશક્તિની આરાધનાના ગરબા.

આ નવરાત્રિની શિબિરનું એક આગવું લક્ષણ એ હતું કે, આ શિબિર આધ્યાત્મિક ઉત્સવના રૂપમાં ઉજવાઇ. કારણ? પૂ. માની અનોખી શૈલી, જનસમાજના માનસને અગાઉથી જાણી લઇ અને તેને પ્રભુ પ્રત્યે વાળવા માટે તે પ્રમાણેનો ખોરાક પીરસવાની! આ આર્ષદ્રષ્ટા પૂ. માની એક એવી વિશેષતા છે કે તેને સમજવી સહેલી નથી. સામાન્ય રીતે પૂ. મા નવરાત્રિના દિવસોમાં મૌન અને સાધનાને વધુ મહત્ત્વ આપતાં હોય છે તેવું ઘણાં વખતથી જોયું છે. આ શિબિરમાં ૭૫ ટકા શિબિરાર્થીઓ નવા હતા તેમ કહીએ તો ચાલે. તે સૌને પહેલી જ શિબિરમાં આધ્યાત્મિકતાનું ભારે ભોજન કદાચ ન પણ પચે અને અરુચિ થઇ જાય એવો કદાચ પૂ. માને ખ્યાલ આવી જ ગયો હશે તેમ લાગ્યા વિના ન રહે!

'પરમાર્થ પર્વ'ના અનોખા ઉત્સવને પૂ. માએ ઝળહળતો કરી દીધો એમ કહીએ તો ચાલે. દરેક કાર્યક્રમ અને શિબિરની જેમ 'પરમાર્થ પર્વ' પણ લાક્ષણિક રહ્યો. પૂ. માએ ઘણી શિબિરો અને કાર્યક્રમોમાં ભાગ લેવાનું સૌભાગ્ય ધર્યું છે, તે અનુભવે જોયું છે કે દરેક કાર્યક્રમની, શિબિરની કે યાત્રાની એક અલગ જ વિશેષતા હોય છે. ક્યાંય બીબાઢાળ, રસહીન પ્રવૃત્તિ કે કાર્યક્રમ જોવા ન મળે. પૂ. મા એ દૃષ્ટિએ વૈજ્ઞાનિક છે. તેઓ નિત નવી શોધ કરતાં જ રહે છે—કંઇક આધ્યાત્મિકતાની, કંઇક વિશેષતાની, કંઇક સારાપણાની, કંઇક મંગલમયની, કંઇક સેવાપરાયણતાની, કંઇક માનવોત્થાનની, કંઇક સાહસની! આવાં એ વૈજ્ઞાનિક બધા જ અખતરા જાતે જ કરે છે! એક માત્ર પોતાના ગુરુપ્રભુની અખંડ અવિરત અમાપ શરણાગતિના આધારે આ બધા જ વૈજ્ઞાનિક સંશોધનોના સફળ પરિણામોનો ખજાનો પોતાના બાળકોને લૂંટાવે છે. આવા જ પ્રયોગોના અનુભવોનો ખજાનો પૂ. માએ 'પરમાર્થ પર્વ'માં લૂંટાવ્યો.

આમ તો આ પર્વ—ઉત્સવ દસ દસ દિવસ સુધી ચાલ્યું. તેના માટે જો લખવું હોય તો કંઇક કેટલાય પાના ભરવાં પડે. પરંતુ આપણે તો માત્ર તેનો અર્ક, જે પૂ. મા, પર્વ અને પર્વને માણનારાની વિશેષતાઓના, જ દર્શન કરાવે. પ્રથમ તો 'પરમાર્થ પર્વ'ના ઇષ્ટની જ વાત કરીએ. પૂ. માએ 'પરમાર્થ પર્વ'નાં ઇષ્ટ હતાં. મા જગદંબા તો ખરાં જ, પરંતુ એ અષ્ટભૂજાળી, સિંહવાહિનીને પ્રત્યક્ષ કરવાની અમારી તો તાકાત નથી. માટે પૂ. શ્રી યોગેશ્વરજીએ પૂ. મા સર્વેશ્વરીના



રૂપમાં જે જગદંબાને પ્રગટાવ્યાં છે અને વારંવાર તેનું પ્રમાણ આપ્યું છે તે જ આપણા તો ઇષ્ટ કહેવાયને? આ પરમપ્રેમમયી પૂ. મા કેનેડાથી ન્યુજર્સી આવી ને તરત જ આ શિબિર માટે ટેક્સાસ જવા રવાના થયાં. એક અઠવાડિયામાં તો 'બ્રાઉન્સ-વીલ'ના આ નાનકડા નિવાસસ્થાનને શિબિરસ્થળમાં પલટાવી નાંખ્યું! અથાક મહેનત અને ઝીણાંમાં ઝીણી બાબતની નોંધ રાખીને વિશ્વકર્માનું કામ કર્યું! આવા આ સર્વેશ્વર આ પર્વના માત્ર આયોજક જ ન રહ્યાં પણ સંચાલક અને સંવાહક પણ બન્યાં. પૂ. માએ 'પરમાર્થ પર્વ'ને પોતાના અનેક રૂપોથી સજાવીને જાણે જીવંત કરી દીધું!

શ્રી પરમાર્થીના નામ સાથે જોડાયેલા આ પર્વને અનુરૂપ એવા કાર્યક્રમો યોજીને એક અદ્ભુત અંજલિ એ મહામાનવને પૂ. માએ ધરી. આજીવન ખાદીધારી દેશભક્ત, પૂ. કબીર સાહેબના ગુણાનુરાગી અને ગુજરાતી ભાષાના આ આરાધકને છાજે એવી અંજલિ પૂ. મા સિવાય કોણ આપી શકે?

આ શિબિરની વિશેષતામાં પ્રથમ કહી શકાય એવી વાત એ હતી કે પૂ. માએ સૌને 'ગાંધી કથા'નું આચમન કરાવ્યું. શ્રી નારાયણભાઇ દેસાઇ, જેઓ શ્રી મહાદેવભાઇ દેસાઇના (મહાત્મા ગાંધીજીના અંગત સચિવ) પુત્ર છે. તેમની ભાવ-નગરમાં થયેલી 'ગાંધી કથા'ની ડીવીડીનું દર્શન કરાવ્યું. પૂ. માની આ આગવી અને ઉત્તમ દૃષ્ટિ છે. નવરાત્રિનું પર્વ ઓક્ટોબરમાં હતું, અને બીજી ઓક્ટોબર એ મહાત્મા ગાંધીજીની જયંતી પણ છે, આમ એક સાથે બે કાર્ય થયાં. મહાત્મા ગાંધીજીનું જીવનદર્શન કરવાનો સૌને લાભ મળ્યો તો

વળી મહાત્મા ગાંધીજીને અંજલિ પણ આપવાનો એક અવસર સૌને પૂ. મા દ્વારા અજાણતાં જ મળી ગયો!

તો વળી, બીજી ઓક્ટોબરે સૌની પાસે ધ્વજવંદન પણ કરાવ્યું. શ્રી રમેશભાઇ ભક્તના હસ્તે એ ધ્વજવંદન થયું. પૂ. માએ સમગ્ર ભારતીય સમુદાયને નવી દૃષ્ટિ આપી. પૂ. માએ લખ્યું કે, 'આપણે બોલીએ છીએ 'ધ્વજ વંદન' અને કરીએ છીએ સલામ. આ સલામ એ તો અંગ્રેજોની પ્રણાલિ છે. આપણે તો આપણા રાષ્ટ્રધ્વજને વંદન કરવાના છે. અને આજથી હવે આપણે દરેક ધ્વજ વંદનમાં વંદનની મુદ્રામાં જ ઉભા રહેવાનું છે.' આમ એક નવી દૃષ્ટિ સમગ્ર સમાજને આપી! જેવું આપણું વર્તન (શરીરના હાવભાવ) એવા જ આપણા મનના ભાવ પણ વ્યક્ત થાય એવું સૂક્ષ્મ વિજ્ઞાનનું રહસ્ય પૂ. માએ આજે સૌની સામે ખુલ્લું કર્યું! 'વંદન' બોલતાં જ હાથ જોડાઇ જાય! આમ માતૃભૂમિ અને માતૃભૂમિના લાડલા એવા મહાત્મા ગાંધીજીની ગાંધી જયંતી નિમિત્તે પૂ. માએ સમગ્ર દેશ અને દેશવાસીઓને નવો રાહ બતાવ્યો.

આ પર્વ ઉત્સવનું અનોખું પાસુ અહીં આવેલા યુવાનો પણ ખરાં જ. અમેરિકા ને કેનેડાના આ બાળકોમાં પૂ. માએ જે બીજ રોપેલાં છે તેનું ફળ અહીંની શિબિરો અને ઉત્સવોમાં દેખાય ત્યારે ખરેખર ખૂબ જ આનંદ થાય છે. દેશ–વિદેશમાં આજે જ્યારે યુવાધનના પતનની સમાજશાસ્ત્રીઓને જે ચિંતા થાય છે તેની આગાહી તો પૂ. માએ જાણે વર્ષો પહેલાં કરી હોય તેમ આ યુવા જગતના વક્તવ્યો અને વર્તન પરથી લાગે. આ વિદેશના યુવાન–યુવતીઓ જ્યારે પૂ. માને પોતાના 'ફ્રેન્ડ–ફિલોસોફર–ગાઈડ' ગણાવે ત્યારે આપણને પૂ. માની દૂરંદેશીનો ખ્યાલ આવે. નવા આવેલા યુવાનોમાં પણ પૂ. માના પ્રેમ અને સહજ વર્તનથી ન ધારેલા ફેરફાર જોવા મળતા પૂ. માને અનાયાસ જ પ્રણામ થઇ જાય.



આ યુવાનોએ પોતાનામાં રહેલી વિશેષતાઓનું સુંદર પ્રદર્શન આ પર્વમાં કરાવ્યું. નૃત્ય નાટિકા, નાટક, બંસરી વાદન, ભજન જેવા સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરીને તેઓ સૌએ પણ પૂ. માને આનંદથી તરબોળ કરી દીધાં. પૂ. માએ પણ તેમની કળાને બિરદાવીને ખૂબ પ્રોત્સાહન આપ્યું. સાવ નાના દાનીને (આશરે ચાર–પાંચ વર્ષના શ્રી હેમંતભાઇ એકબોટેના પુત્ર) સ્ટેજ ઉપર બેસાડીને તેની તબલા વગાડવાની કલાને સૌ સમક્ષ રજૂ કરવાની તેને હિંમત આપી! આવા નાના કૂમળા છોડની માવજત પૂ. મા કેવી સુંદર રીતે કરે છે! પૂ. મા માનવમનના એક અદ્ભુત ડોક્ટર છે!

પ્રણામ! પૂ. માની અતિપ્રિય અને અક્સીર પ્રાર્થનાનો પ્રકાર. કોઈ પણ સમયે, કોઇ પણ સ્થળે, ગમે તેવી શારીરિક અવસ્થા હોય પણ ગુરુપ્રભુને પ્રણામ કરવાના હોય તો પૂ. મા એકદમ તૈયાર અને ટટ્ટાર! આ શક્તિ ક્યાંથી આવે છે તે તો પૂ. મા જ જાણે. બ્રાઉન્સવીલની બેભાન થઇ જવાય એવી ભેજવાળી ગરમીમાં પૂ. માએ આઠમના દિવસે ૧૦૦૦ પ્રણામનો સંકલ્પ કર્યો! એરકુલર, પંખા કંઇ જ કામ ન કરે તેવી ગરમી. પરંતુ પૂ. માનો સંકલ્પ એટલે સંકલ્પ! સવારથી બપોર સુધીમાં તો પૂ. માએ ત્રણ બેઠકમાં થઇ ને ૧૦૦૦ પ્રણામનો સંકલ્પ પૂર્ણ પણ કરી દીધો. અતિશય ગરમી,

નિર્જળા ઉપવાસ, સાત સાત દિવસની લગભગ બધી જ બેઠકોમાં એક જ બેઠકે બેસવું અને રોજ રાત્રે એક વાગ્યા સુધી ચાલતી મા જગદંબાની ગરબા આરાધના. આમ ચારે બાજુથી ભેગો થયેલો શારીરિક શ્રમ હોવા છતાં આ દિવ્યહેહમાં જે અનુપમ શક્તિ રહેલી છે તેને તો આ કલમ કેવી રીત વર્ણવી શકે? પરમાર્થીએ કેટલું યથાર્થ લખ્યું છે–'કેમળ કાયા જતી સુકાય, દિવ્ય છતાંયે તે જ પથરાય', અને 'જનસમૂહની વચ્ચે રહ્યાં, પાવન તપ અગ્નિમાં થયાં!'

આ શિબિરની કલગીમાં પૂ. માએ એક સુંદર મોરપિચ્છ સજાવ્યું અને તે મોરપિચ્છ એટલે ગુજરાતી સંગીત જગતના પનોતા પુત્ર, ગુજરાતી જનતાના માનીતા, શબ્દ અને સ્વરના સ્વામી એવા નમ્ર શ્રીપુરુષોત્તમભાઇ ઉપાધ્યાય અને હંસાબેન દવેની સંગીત સાધનાનો પ્રસાદ.

સમગ્ર ગુજરાતી સંગીત જગતના પીઢ અને સન્માનીત એવા આ કલાકારે મન મૂકીને પર્વ–ઉત્સવને ઝંકૃત કરી દીધો.

ચાર ચાર દિવસ આ કલાકાર બેલડીએ પોતાના સૂર અને સંગીત દ્વારા સૌને મંત્રમુગ્ધ કરી દીધા. શ્રી પુરુષોત્તમભાઇએ પોતાના રમૂજી સ્વભાવનો વિશિષ્ટ પરિચય પણ આપ્યો. પર્વને અનુરૂપ રચનાઓ રજૂ કરીને સૌને રસતરબોળ કરી દીધા. પૂ. મા પ્રત્યેનો તેમનો અહોભાવ વારંવાર દર્શાવીને પોતાનામાં રહેલા 'ભક્ત'ની પણ ઓળખાણ તેમણે આપી. શ્રી હંસાબેને પણ પોતાનું સ્વાસ્થ્ય સારુ ન હોવા છતાં પૂ. મા પ્રત્યેના પ્રેમ અને આદરને લઇને પોતાના કંઠને વહેવડાવ્યો. નવરાત્રિ પર્વના દિવસો હોવાથી પૂ. માએ રોજના કાર્યક્રમોમાં ગરબાનું



પણ આયોજન પહેલેથી જ કરેલું હતું. આ કલાકાર બેલડીએ તેમના રોકાણ દરમ્યાની દરેક રાત્રીએ ગરબાઓની રમઝટ જમાવીને સૌને થનગનતા કરી દીધા! આવા મહારથી કલાકારના સ્વરની રમઝટ રાતના એક એક વાગ્યા સુધી ચાલુ રહેતી. અમેરિકા દેશમાં કલબોમાં નાચનારા તો સવાર સુધી નાચે છે પરંતુ આદ્યશક્તિની આરાધના માટે રાત્રે એક વાગ્યા સુધી જાગતા રહેવું, રમતા રહેવું અને માણવું એવું ભાગ્યે જ જોવા મળે. આમ પોતાને મળેલા સ્વર અને શબ્દના વરદાન દ્વારા આ કલાકારે મનભરીને લોકોને મા જગદંબાની આરાધના કરાવી. બપોરની અને સાંજની બેઠકોમાં પણ ભક્તિ સંગીત, લોક સંગીત અને રમૂજ સાથે રજૂ કરીને ઉત્સવ કરાવ્યો. પૂ. માએ આ કલાકાર બેલડીને ખૂબ પ્રેમથી અને આદરથી વધાવ્યાં.

આ પર્વનું એક આશ્ચર્યજનક પાસુ તે અહીંના સમાચાર પત્રોનું નોંધનીય પ્રસારણ. અહીંના સ્થાનિક સમાચાર પત્ર 'બ્રાઉન્સવીલ હેરલ્ડ'માં 'પરમાર્થ પર્વ'ની વિશેષ નોંધ કોઇ પણ જાતના પ્રયત્ન વિના લેવાઇ. તા. ૨૫ મી સપ્ટેમ્બરે પ્રકાશિત થયેલા અખબારમાં 'ઓન ધ મૂવ'નામના શીર્ષક નીચે પ્રથમ દિવસની શોભાયાત્રાનું સચિત્ર વર્ણન મૂકીને આ સમાચાર પત્રે અહીં આવેલા સૌને આશ્ચર્ય સાથે આનંદ આપ્યો. તો વળી સપ્ટેમ્બરની ૩૦ મી તારીખે આ અખબારપત્રના રીપોર્ટર અને કેમેરામેને શિબિર સ્થળની મુલાકાત લઇને એક રીપોર્ટ તૈયાર કર્યો. આ રીપોર્ટ સૌના આશ્ચર્ય વચ્ચે બીજા જ દિવસે એટલે કે રવિવારના અખબારમાં પ્રથમ પૃષ્ઠ પર રજૂ કર્યો. અમેરિકામાં રવિવારનું અખબાર વાંચનારની સંખ્યા રોજ કરતાં વધુ હોય

છે, તેથી તેનું વેચાણ પણ વધુ હોય છે. આમ આવા મહત્ત્વના દિવસના પ્રકાશનમાં પ્રથમ પૃષ્ઠ ઉપર 'ડિવાઈન ઈન્સપાઇ-રેશન'ના મોટા મથાળા સાથે સચિત્ર અહેવાલ અને પૂ. માનો પરિચય પ્રકાશિત થાય એ ઘણી મોટી વાત કહેવાય. તેટલું જ નહીં પૂ. માએ પ્રથમવાર કોઈ પણ માધ્યમના રીપોર્ટર સાથે વાર્તાલાપ કર્યો. પૂ. માએ 'બ્રાઉન્સવીલ'ને 'બ્રાઇટવીલ'– 'ઉજ્જ્વળ આશા'નું નામ આપી તે રીપોર્ટરનું પણ દિલ પ્રેમથી જીતી લીધું. આવું તો જ બની શકે જેને માટે આ સમગ્ર જગત-માં ક્યાંય કોઈ ભેદભાવ ન હોય.

પૂ. માને કોઈ પણ સ્થળ કે કાળની અસર નથી થતી. તેથી ઉલ્ટું દરેક સ્થળ અને કાળ ઉપર પૂ. માની જબરદસ્ત અસર જોવા મળે છે! આવા એક પર્વની પાછળ પૂ. માની અતિસૂક્ષ્મ દૃષ્ટિના દર્શન થાય છે. સાંપ્રત સમાજની ભીંસ વચ્ચે ફસાતા આ માનવ માત્રને તેમાંથી કેમ કરીને રાહત મળે, તે એક જ લક્ષ્ય સાથે, પોતાની અપાર કરુણા અને પ્રેમ દ્વારા અથાક પ્રયત્નો કરીને પણ એ કાર્ય કરતાં રહે છે.

આવા અમારા આ પ્રેમસ્વરૂપા કરુણાળુ માનાં શ્રીચરણોમાં કોટિ કોટિ પ્રણામ.



# પ્રત્યુત્તર ધરતી પ્રતિમા

**મા સર્વેશ્વરી**

[શ્રી માની નિત્યનોંધપોથીની નોંધ તા. ૩–૯–૦૬
ટોરેન્ટો કેનેડા]

આજે શ્રી કાશીબા પરિવાર મળે છે. આ પરિવારને મા વર્ષોથી જાણે છે. એ પરિવારના વડીલ શ્રી ધનજીભાઈ વર્ષોથી આફ્રિકા રહે. ત્યાં તેમને એક સ્વપ્ન દર્શન થયું. તેમાં એક મૂર્તિ કહી રહી છે. "મને બહાર કાઢ." આ વાત ઈ. સ. ૧૯૪૪ ની છે.

એ તો સપનાની વાત છે, એટલે સામાન્ય માન્યું. પણ સતત સ્વપ્ન આવવા લાગ્યાં.

પરિણામે શ્રી ધનજીભાઈ પોતાના વતન ગુજરાત નવસારી પાસે કડોલી ગામમાં પોતાના સ્વજનને પત્ર લખે છે. "મારા ખેતરમાં એક જગ્યાએ મૂર્તિ છે તેને પ્રગટ થવું છે. તો તમે જરા ખોદી જુઓ અને શ્રી ધનજીભાઈનો પત્ર મળતાં અહીં ગામમાં રહેતા સ્વજને ખેતરમાં તે જગ્યાએ ખોદ્યું, તો મૂર્તિ મળી."

તે મૂર્તિ વૃક્ષ નીચે ખેતરમાં રાખવામાં આવી. ગામના કેટલાક તેના દર્શન કરે ફૂલ ચઢાવે. એ પથ્થરની પ્રતિમામાં ઘોડાનું વાહન ને માતાની આકૃતિ દેખાતી હતી.

ઈ. સ. ૧૯૪૬ માં શ્રી ધનજીભાઈનાં પત્ની શ્રી કાશીબેન હવે આફ્રિકા જવાનું વિચારે છે. પરિવારના કેટલાક વિરોધી પાત્રો એવું કહેતા હતા "તમે આફ્રિકા નહીં જઈ શકો. તમારું કલ્યાણ નહીં થાય. તમે મૃત્યુ જ પામશો."

શ્રી કાશીબેન આવી વિરોધી વાતોથી થોડાંક ભયભીત તો થયાં, પણ પેલા ખેતરના વૃક્ષની નીચેની પ્રતિમામાં એમને શ્રદ્ધા હતી.

મનથી પ્રાર્થના કર્યા કરે એ પ્રતિમાની અંદર જાણે પ્રત્યક્ષ મા અંબિકા વસે છે એમ માની તે પ્રતિમાને પ્રાર્થના કર્યા કરે.

"હે મા! મને એકવાર મોમ્બાસાનો આફ્રિકાનો કિનારો બતાવ. આ મારા ચાર માસના મનુને (પુત્રને) પોતાના પિતાનું મુખ બતાવ."

જો આટલી કામના મારી પૂરી થશે તો હું તને એક દહેરીમાં બેસાડીશ.

પ્રતિમામાં પ્રસ્થાપિત થયેલી શ્રદ્ધા પ્રત્યુત્તર તો આપશે જ ને! પોતાના પતિને સપનામાં આદેશ કરીને પ્રતિમા બહાર આવી છે તો જરૂર મારી ઇચ્છા પૂરી કરશે જ.

અને સાચે જ શ્રી કાશીબેનની ઇચ્છા પૂરી થઇ. પોતે મોમ્બાસા પહોંચ્યાં. નાનકડા મનુભાઇને પિતાના અંકે મૂક્યા અને ત્યાંથી ફરી એક પત્ર લખાયો. હવે પ્રતિમાને ખેતરમાંથી ગામમાં લાવો ને એક દહેરી બાંધો ને તેમાં પધરાવો. ખર્ચ અમે મોકલીએ છીએ.

કડોલી ગામના ભાવિક ભક્તોએ પેલા ખેતરમાંથી સંકીર્તન સાથે મૂર્તિને બળદગાડામાં પધરાવી. સૌ ભજનકીર્તન કરતાં કરતાં ગામ તરફ આવી રહ્યા છે. પાદરે બળદ ગાડું આવે છે, ને એ બળદગાડાના એક ચક્રનો પૈડાનો આંક (આધાર) તૂટી ગયો.

સહુ માની લે છે કે આ પ્રતિમાને ગામમાં આવવું નથી



એટલે ગામના પાદરે જ વડ નીચે જ પ્રતિમા એક દહેરી બાંધીને પ્રતિષ્ઠિત કરી તે સાલ હતી ૧૯૪૮–૪૯

દહેરી ઉપર નામ સાલ લખાયાં છે. કાશીબાની મનોકામના જેમણે પૂર્ણ કરી તે પ્રતિમા હવે ખેતર છોડીને પાદરે વસ્યાં છે.

આજે પણ એ પ્રતિમાની દહેરીની પૂજા સેવાનો સઘળો ભાર શ્રી ધનજીભાઇ–કાશીબાનાં સંતાનો જ ઉપાડી રહ્યા છે.

જો કે એ સંતાનો ત્યાં જાતે જઇ શકતાં નથી. વખત નથી. રજા નથી. આ બે કારણો બતાવી બેધ્યાન થયાં છે એવું માને લાગ્યું છે.

છેલ્લા ઘણા સમયથી તે દહેરીમાં ચોમાસામાં પાણી ભરાઇ જાય છે. પ્રતિમા પણ પાણીમાં ઢંકાઇ જાય છે. એ પાણીમાં ગામનું દૂષિત પાણી પણ ભળે છે.

મા એ વાત જાણીને શ્રી મનુભાઇ (શ્રી ધનજીભાઇના પુત્ર)ને સમજાવે છે કે "જાવ કડોલી ને એ દહેરીને કંઇક નવું રૂપ આપો."

શ્રી મનુભાઇઃ–મા રજા નથી. અને બે ત્રણ મહિના જેટલો સમય પણ નથી.

માઃ–એ પ્રતિમાની ફરતે ચોમાસામાં દૂષિત પાણી ફરી વળે છે તે જાણીને બેસી રહીએ તો દોષ લાગે.

શ્રી મનુભાઇ–મધુબેનઃ–મા! અમારે તો આપ જ પ્રત્યક્ષ માતા છો. આપ કહો તે રીતે કરીએ.

માઃ–એ પ્રતિમાની જગ્યાએ આપણને કોઇ કહે કે જાવ દહેરીમાં રહો તો આપણે જેમ દૂષિત પાણી સહન નથી કરી શકતાં, તેમ એ માતા પ્રતિમામાં બેઠાં બેઠાં કેવી રીતે સહન કરે! એ બોલતાં નથી માટે આપણે બેદરકાર છીએ. એ બોલે જ

છે પણ આપણને સંભળાતું નથી.

જાવ, રજા લઈને એ કરાવો કામ.

મનુભાઈ—મધુબ્હેનઃ—મા જોબની કંપનીના ઠેકાણાં નથી વારે વારે બદલવી પડે. ને રજા ના મળે.

મા : Lay off મળે જોબમાંથી ત્યારે જાવને. દહેરીના ચાર થાંભલા આપી ઊંચી કરો. કુળદેવીનું સન્માન કરો. પિતાજીની એ સંપત્તિને પ્રસાદ માનીને તેનું ગૌરવ વધારો.

શ્રી મનુભાઈઃ—આ વરસે તો શક્ય નથી.

મા : ચાલો તો મા એ કામ કોઈકને સોંપે?

શ્રી મનુભાઈઃ—હા મા, તો તો ઉત્તમ. અમે બધી રીતે આર્થિક ખર્ચ ઉપાડી લઈશું.

મા લખે છે હે જગુભાઈ! વડોદરા સ્નેહલને ફોન કરો તે આ કામ જરૂર કરી આપશે.

સ્નેહલને ફોન જોડ્યો છે. ત્યાં ભારતમાં સવારે સાડા પાંચ થયા છે.

માનો ફોન જાણી તે પ્રણામ પાઠવે છે. મા સ્લેટમાં લખે છે.

માઃ—તું ક્યાં છે? ઉત્તરઃ— વડોદરા.

માઃ—અંબાજી નથી ગયો? ઉત્તરઃ—જઈને આવ્યો.

માઃ—જા પાછો. પકડી લે બસ. ઉત્તરઃ—હા મા.

માઃ—પણ અંબાજીની દિશામાં નથી જવાનું. સૂરતની દિશામાં જવાનું છે.

ઉત્તરઃ—હા મા આપ કહો તો આજે હમણાં જ બસ પકડું.

માઃ—એક મંદિર બાંધવાનું છે અને પ્રતિષ્ઠા પણ તારે જ કરવાની છે.



ઉત્તરઃ—હા મા મને સ્થળનું નામ આપો તો.

આજે જ જઈ આવું અને મા આ યુવાન સમર્પિત ભક્ત સેવક સ્નેહલને આખી વાત લખીને ફોન ઉપર સંભળાવે છે સમજાવે છે.

સ્નેહલ કહે છે હા મા! હું આજે જ તારક, હેમલ ને દીપકભાઈનો સંપર્ક કરીને આ કામ શરૂ કરીશ મા આપ આશીર્વાદ આપો કે બધું કામ થઈ જાય.

માઃ—નવા વરસે નવી દહેરી ને તેની પૂજા.

સ્નેહલઃ—હા મા, આપની ઈચ્છા ને આપની આજ્ઞા છે તો બધું જ થઈ જશે.

હવે ફોન મૂકાઈ ગયો છે. વાત પૂરી થઈ ગઈ છે.

માને વિશ્વાસ હતો કે સ્નેહલ આ વાત વધાવી લેશે. એ વિશ્વાસ સફળ થશે એવું લાગે છે.

મા શ્રી મનુભાઈને મીઠી ટકોર કરતાં લખે છે.

તમે જેમ દીલ્હીમાં અક્ષરધામની પ્રતિષ્ઠામાં હાજરી આપીને ગૌરવ વધાર્યું, તેવું જ આ કામ છે તેનાથી જરાપણ ઉતરતું આ કામ નથી, કુળદેવીનું પણ એટલું જ ગૌરવ વધારો.

આ દહેરીનું નવનિર્માણ થઈ જાય તો કદાચ તમારા ઘણાં કામો સફળ થઈ જાય.

શ્રી કાશીબેન પણ આજે અહીં બેઠાં છે. તેઓ પ્રસન્ન થઈને, ભાવવિભોર બનીને માને વંદન કરી કહેવા લાગ્યાં, હાશ! મા મારી આ ઈચ્છા પૂરી થશે. વરસોથી મનમાં મૂંઝવણ હતી. હવે તો હાશ થઈ ગઈ?

આજની આ સત્સંગ બેઠક લગભગ બે કલાક ચાલી.

માને પણ એક સત્કર્મ કર્યાનો સંતોષ થયો છે.

દહેરી ભલે નાની હોય, પ્રતિમા ભલે જૂની પુરાણી હોય, અસ્પષ્ટ હોય, એ પ્રતિમામાંથી ભલે કાંકરી ખરવા માંડી હોય, પણ આપણી શ્રદ્ધા તો નાની નથી જ કરવાની, શ્રદ્ધાની કાંકરી જરાપણ ખરવા નથી દેવાની.

એ પ્રતિમામાં પરમશક્તિ પથરાયેલી જ છે. એ પરમ-શક્તિએ ઠેઠ આફ્રિકા જઈને શ્રી ધનજીભાઈને ઢંઢોળ્યા કે 'ઊઠો મારે પ્રગટ થવું છે.'

અને એ જ પ્રતિમાની પરમશક્તિએ કાશીબાની પણ રક્ષા કરીને ઠેઠ આફ્રિકા પહોંચાડ્યા ને પુત્ર ને પિતાજીનું મિલન પણ એ પ્રતિમાની પાછળ ઊભેલી પરમશક્તિએ જ કરાવ્યું છે.

તો એ પરમશક્તિનું પ્રતિમા એ પ્રતીક છે—પ્રતિબિંબ છે—પ્રસાદ છે—પ્રગટ સ્વરૂપ છે.

જીવંત છે, હાજરાહજૂર છે. એમ માની એને સંભાળવાની એક પવિત્ર ફરજનું સ્મરણ મા થકી થયું છે.

★ ★ ★

તા. ૩—૯—૦૬ ના દિવસે એ પરિવારના સભ્યો સાથે વાત થયા મુજબ એ મંદિરનું નવનિર્માણનું કાર્ય મા હાથમાં લે છે.

તા. ૧૫—૧૦—૦૬ ના દિવસે વેદોક્ત વિધિથી પાંચ કલાકની લાંબી પૂજા કરાવી. કડોલીનીએ નાનકડી દહેરીનું વિસર્જન થયું છે. મા એ વિસર્જન પૂજામાં હાજરી આપે છે, કાશીબા પરિવારની દીકરી શ્રી નીરૂબેને હાજર રહી તેનું પૂજન કર્યું છે.

★ ★ ★



તા. ૧૫—૧૦—૦૬ વિસર્જન પછી નવનિર્માણ પ્રારંભ પામ્યું. કાશીબા પરિવારના દીકરી જમાઈ શ્રી નીરૂબેન જગુ-ભાઈની પ્રત્યક્ષ હાજરી ને પરિશ્રમ સાથે નવનિર્માણ પૂર્ણ થયું છે. શ્રી વનદેવી માતાના એ મંદિરની આજે તા. ૨૬—૨૭—૨૮ જાન્યુ, ૨૦૦૭ ના દિવસે પ્રતિષ્ઠા પૂજા પ્રારંભ પામી છે એ પૂજામાં કાશીબા પરિવારના સંતાનો આ પ્રતિષ્ઠા મહોત્સવ-માં હાજર રહી શક્યા. શ્રી મનુભાઈ, શ્રી મધુબેન, શ્રી નિમેષ-ભાઈ, શ્રીહસુબેન, શ્રી અભિલાષભાઈ, શ્રી સુમિત્રાબેન અને મુખ્ય સૂત્રધાર શ્રી નીરૂબેન, શ્રી જગુભાઈ તો હતા જ.

આ મંદિરના નિર્માણ કાર્યમાં ભાઈ અશોક પુરોહિત, ભાઈ તારક વ્યાસ, ભાઈ સ્નેહલ પુરોહિત, દીપક, હેમલ, સૌનો શ્રદ્ધાભક્તિભર્યો પરિશ્રમ પથરાયો છે. તેમનું પણ કાશીબા પરિવારે આજ સન્માન કર્યું છે.

કડોલીની શાળાના બાળદેવતાઓને પણ આ નવામંદિરને આંગણે દફતર, પેન, પ્રસાદ આપી સન્માન્યા છે. કડોલી ગામના યુવકોના સહયોગને પણ સન્માન્યો છે. પૂ. શ્રી યોગેશ્વરજી ગુરુભગવંતની અમૃતવાણી પણ સંભળાવી છે. પૂજનને અંતે કડોલી ગામ જનોને એ મંદિર પણ અર્પણ કરી દીધું છે.

માત્ર પોણા ત્રણ માસના ટૂંકા ગાળામાં ભાઈ અશોક ભાઈ તારકના નિઃસ્વાર્થ પરિશ્રમે નવું મંદિર ગામને પ્રસાદમાં પ્રાપ્ત થયું છે.

મા એવા સ્થૂળ કોઈ મંદિરના સર્જનમાં રસ ધરાવતાં નથી. અહીં આ મંદિરના વિસર્જન અને સર્જનમાં હાજર રહીને માએ શા માટે રસ લીધો? એ પ્રશ્ન છે.

ઉત્તરમાં એવું જ કહી શકાય કે શ્રી વનદેવી માતાની પ્રતિમા છેલ્લા ઘણા વખતથી દૂષિત પાણીમાં ફસાઇ ગઇ હતી. જાણ્યા પછી મૌન રહીને બેસી રહેવાનો એક અપરાધ છે. એવું મા માને છે. એટલે એ પ્રતિમાને જરા ઊંચી કરીને સ્વસ્થ સ્થાનમાં પધરાવવાનો આ પ્રયાસ હતો.

બીજું કારણ એ વનદેવી માતાની એ પ્રતિમા જાગ્રત છે. વર્ષો પહેલાં શ્રી ધનજીભાઇને યુગાન્ડામાં સ્વપ્નદર્શન ધરીને પોતે પ્રગટ થવા ઇચ્છે છે. એવી ઘટના બની છે. ખોદકામ ખેતરમાં જ કરતાં સાચે મૂર્તિ પ્રગટી છે.

જાગ્રત દેવી શ્રી વનદેવી માતાની એ પ્રતિમાએ શ્રી કાશીબાની ઘણી પ્રાર્થના સાંભળી છે. અનેક રીતે રક્ષા કરી છે. તો જાગ્રત દેવી તરીકેની તેની સંભાળ લેવાની એ તક માએ ઝડપી લીધી છે.

ત્રીજું કારણ શ્રી નીરૂબેન પણ છે. શ્રી નીરૂબેનની શ્રદ્ધા-ભક્તિ અને શ્રી જગુભાઇની એ નાનકડી દહેરીની અવજ્ઞાની જે વેદના હતી તેથી પણ મા એ કાર્ય ઉપાડે છે.

કારણો અનેક છે. શ્રી હરિએ એક સત્કર્મ અધ્યાત્મક્ષેત્રનું મા પાસે કરાવીને સંતોષ ધર્યો છે.

મંદિરો નવાં નવાં ઊભાં કરવાં તેના કરતાં માનવ મંદિરો જે જીવતાં છે હાલતાં, ચાલતાં ડોલતાં માનવો છે જેની મરામત જરૂરી છે. તેવી મરામત સ્વર્ગારોહણને આંગણે થતી રહે છે.

ધરતીકંપ વખતે કેરાળા મંદિર ધરાશયી થયું હતું તે નવું બને એવી ગ્રામ્યજનોની માંગણી હતી તો ત્યાં શ્રી કૃષ્ણમંદિરનું સર્જન મા દ્વારા થયું છે.

અને આ વનદેવી માતાને સ્વચ્છ સ્થાનમાં પધરાવવાનું એક મંદિર થયું છે.



એટલે શ્રી હરિની જ યોજના મુજબ આવા કાર્યોમાં મા રસ લે છે. શ્રી હરિ એવા કાર્યોમાં રસ લેવડાવે છે.

મા અને કડોલી ગામ કે મા અને શ્રી વનદેવનું સ્થાન કે મા અને શ્રી ધનજીભાઇ પરિવાર સાથે માને કોઇ સીધો કે પરોક્ષ કે સગપણનો પણ સંબંધ નથી છતાં એ કાર્ય પૂર્ણ થયાનો એક સંતોષ છે.

શ્રી હરિ સહજ રીતે એવા સંપર્ક વધારતા રહે છે જ્યાં જેટલું અને જેવું જરૂરી તેટલું તે કરાવતા રહે છે.

આ શ્રી વનદેવીની પણ ઇચ્છા હશે કે માના હાથે એ જરા સ્વચ્છ આસને બિરાજે.

કયી ઘટના, કયા કારણે, સર્જને કોણ શા માટે? તે ઘટનાને પરિપૂર્ણ કરે તે તો શ્રી હરિ સિવાય કોણ જાણી શકે?

કડોલીના શ્રી વનદેવી માતા માત્ર ત્રણ જ માસમાં આસન ઉપર બિરાજ્યાં તો માને આનંદ થયો છે.

એ પરિવારના કેટલાક સભ્યોને ભય હતો કે એ માતાને દહેરીમાંથી ઉઠાવી મંદિરમાં લઇ જતા રૂઠશે. અમારું અમંગળ થશે કોઇનું મૃત્યુ થશે ને કોઇ માંદુ પડશે તો!

એવા શંકાશીલ વહેમમાં જીવતાં કેટલાક સભ્યોની શંકા કે ચિંતા શાંત થઇ ગઇ. પોણા ત્રણ માસમાં કોઇ એવો પ્રસંગ નથી બન્યો. એ સભ્યોને એક નવી દૃષ્ટિ આપવાની શ્રી હરિની એ યોજના હશે.

કડોલીની આ મંદિર સર્જનની ક્રિયા પાછળ શ્રી હરિની વિવિધ યોજના હશે, છે ને ~~હતી~~ એ સર્વ સમર્થ શ્રી હરિના શ્રી ચરણે પ્રણામ પ્રણામ પ્રણામ.

(‘મા’ સર્વેશ્વરીની શૈશવ કથા)

# પોયણું પાંગર્યું

(ગતાંકથી ચાલુ) **મા સર્વેશ્વરી**

એ ઘરમાં દરરોજ કપૂરાથી જ ઘરનું દૂધ સવારે આવતું. તે દૂધ બીજે દિવસે સવાર સુધી ચલાવવાનું. શાકભાજી, ઘી પણ ઘરનાં જ આવતાં.

દૂધ સવારે ને સાંજે ભોજનમાં ઉપયોગી થતું. એ ઘરની લાઈનમાં એક અનાવિલ બ્રાહ્મણ પરિવારનાં શ્રી તારાકાકી જાણતાં હતાં કે આ ઘરે ત્રણ બહેનો જ રહે છે. ને તેમને ઘેર ઘરનું દૂધ કાયમ હોય જ છે.

એટલે ઘણી વાર તે મીઠી મીઠી વાતો કરીને દૂધ લઈ જતાં. મહેમાન આવે ત્યારે ખાસ.

પણ તે ક્રમ વધવા લાગ્યો ત્યારે બંને બહેનો આનાકાની કરતાં, કારણ સાંજે ભોજનમાં દૂધ ના રહેતું. બધું જ પેલાં કાકી ઠાલવી જતાં.

એટલે બહેનો ના પાડતી. દૂધ નથી. ને ત્યારે ત્યારે સરોજ તારાકાકીને કહી દેતી ‘કાકી! દૂધ તો છે. ચાલો હું આપું.’ ને એમને તો એ ગમતું જ હતું.

‘ઘરમાં છે તો આપી દેવું. ભલે આપણી ભોજનની થાળી-નો એક ભાગ હોય!’

બાળપણની આ આપી દેવાની, વહેંચવાની ટેવ પણ પાયા-માં પથરાયેલી છે તે પણ નોંધપાત્ર છે ને?

★ ★ ★



વ્યારાની બજારમાં ભાગ્યે જ જવાનું બનતું. બંને બહેનોને કંઈ કામ માટે બજારમાં જવાનું હોય તો તેમને સરોજનું કામ પડતું હતું.

બન્ને બહેનોને થેલી ઊંચકવાની શરમ આવતી, કારણ માર્ગમાં વર્ગના વિદ્યાર્થીઓ પણ રહેતા હોય. એટલે સરોજને મનાવીપટાવી કહેતા, ‘જા, આ થેલી લઈને અમારાથી આગળ જઈને પેલી દુકાને ઊભી રહેજે. જો આ કામ કરે તો તને આજે એક પૈસો આપીશું.’

ને એ સરોજ બંને બહેનોની આજ્ઞાનું પાલન કરતી એક પૈસો મળવાનો છે માની ખુશ થઈ જતી.

નાનપણમાં એ રીતે તરત જ પ્રસન્ન થઈ જવાનો સ્વભાવ હશે એવું લાગે છે.

★ ★ ★

દર શનિવારે કપૂરાથી જે ટિફિન આવતું તે જમીને લેસન કરીને બપોરે કપૂરા જવાનું બનતું. ચોમાસામાં તો કાચા રસ્તા પર ઘોડાગાડી પણ ના ચાલે. ત્યારે ચાલતાં આવવાનું ને જવાનું પણ બનતું. બાકીના દિવસોમાં ઘોડાગાડીમાં. તે દિવસોમાં કપૂરામાં બે જ ઘોડાગાડી હતી. એક પારસીને ત્યાં ને એક બાપુજીને ત્યાં.

બાપુજી ઘોડાગાડીમાં લઈ જતા ને પાછા મૂકવા પણ આવતા. તો ચાર માઈલના એ રસ્તામાં બાપુજીનું શિક્ષકરૂપ પ્રગટ થતું.

કપૂરાના ઘરેથી જેવી ઘોડાગાડી ચાલુ થાય એટલે બાપુજી ગામનો હવાડો ભરવાનો રહેંટ બતાવતા. તેમાં પાણી ભરાય ને

ઉપર આવતા તે ખાલી થાય. એ ઘટમાળ બતાવતા. અને રસ્તે જૂની કવિતાઓની પંક્તિઓ મોઢે કરાવતા :

છે માનવી જીવનની ઘટમાળ એવી,
દુઃખ પ્રધાન સુખ અલ્પ થકી ભરેલી.

નાનકડાં અમને કંઈ બહુ સમજ તો ન પડતી. પણ બાપુજી સરસ ગાઈને સમજાવતા ને ગવડાવતા ને મોઢે કરાવતા. બીજી પણ એક ટૂંક આજે પણ સ્મરણમાં છે :

સુખ સમયમાં છકી નવ જવું,
દુઃખમાં ન હિંમત હારવી;
સુખદુઃખ સદા ટકતાં નથી,
એ નીતિ ઉર ઉતારવી.

અને એ જ રીતે વેકેશનમાં કે શનિ—રવિ કપૂરાની આસ-પાસ જે આશ્રમો હતા. મઢી આશ્રમ, વેડછી આશ્રમ, બોરખડી આશ્રમ ત્યાં પણ લઈ જતા. ગાંધીમેળામાં પણ દર વરસે લઈ જતા. ખાદી ખરીદતા ને ખાદી પહેરાવતા.

એક વાર તો સાવિત્રીબહેન સાથે અમને મુંબઈ પણ ફરવા બાપુજી લઈ ગયેલા.

માટુંગાના સ્ટેશન સામે નારણબાગમાં જ સાત—આઠ દિવસ રહેલા. બાપુજીનાં બહેનના દીકરા ત્યાં જ રહેતા હતા.

ઈલેક્ટ્રિક ગાડીને જોવાની મજા માણેલી. મુંબઈનાં જાણીતાં સ્થળો રાણી તળાવ. બૂટહાઉસ, માછલીઘર. ચોપાટી બધે જ ફરવા લઈ ગયેલા.

શાળામાંથી પ્રવાસ ગોઠવાતો તો તેમાં પણ પોતાનાં બાળકોને અચૂક મોકલતા હતા ને પોતે પણ સમય કાઢી આ રીતે ફરવા લઈ જતા હતા.



આદર્શ શિક્ષકના રૂપમાં પિતાજીએ બાળપણને ઘડવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો.

શનિ—રવિની રજામાં કે વેકેશનમાં કપૂરાની અમારી વાડીમાં ઘેંટા—બકરાં બેસાડવા ભરવાડો જો આવ્યા હોય તો સાંજે તેમના મુકામ ઉપર પણ અમને લઈ જતા. ને કાઠિયાવાડી ભરવાડોના રીતરિવાજ, ગીતો, ભજનો કે દોહાનો પણ પરિચય કરાવતા. અરે, તેમની બકરીનું દૂધ પીવા આગ્રહ કરતા, તો ના ભાવે તોપણ અમારે પીવું પડતું.

લોકજીવનની ભાતીગળ સંસ્કૃતિનો પણ પરિચય પોતાનાં સંતાનોને કરાવવાનું પિતાજી ચૂકતા ન હતા.

વ્યારા ઘરની પાછળ જ થિયેટર હતું. પણ કદી ત્યાં સિનેમા જોવા જવાનું બન્યું નથી. બાપુજીનો પ્રભાવ જ એવો હતો કે તેમને જે ગમે તે જ કામ કરવાનું. ગામમાં પણ ભવાઈ કે કઠપૂતળીના ખેલો આવતા હતા પણ તેમાં પણ ના જવાય. એવી એક પ્રણાલિકા જ હતી.

એટલે હોટલ, થિયેટરો, ભવાઈ કે કઠપૂતળીના ખેલો એ સર્વ સાધનોથી એ ઉંમરે પણ અલિપ્ત રહી શક્યાં. જેમ ચા કે કોફીનાં વળગણો ના વળગ્યાં. તેમ બહારનું પણ કોઈ આકર્ષણ ના વળગ્યું.

જાણે ગળથૂથીમાં જ પિતાજીએ સતત સર્વ પ્રકારે સુસંસ્કૃત થવાની ઔષધિ ધરી. અને તે તાલીમ પ્રેમથી જ મળી. ધાકધમકી, દબાણ કે વઢીને નહીં, સહજ રીતે એવી સમજણ જ મળી હતી.

(ક્રમશઃ)